**સુવિચાર**
ગુજરાતની માટીમાં મહેંક અને ખુમારી બંને છે. ગુજરાતનો પ્રેમી અજાણ્યાના મનમાંય લાગણીના છોડ ઉગાડી દેતો હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૪/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૧૧૨


ઈમરજન્સી સારવાર.... રાહત દરે
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
- હૃદયરોગ - બીપી
- શ્વાસ - દમ - ન્યુમોનિયા
- પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
- ઝેરીદવા - સર્પદંશ
- ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## કેસરીનંદનનાં જન્મોત્સવે હનુમાન મંદિરમાં ભકતોની ભીડ ઉમટી

# અમરેલી જિલ્લામાં હનુમાન જયંતીની આસ્થાભેર ઉજવણી

**જિલ્લાનાં સુપ્રસિધ્ધ ભૂરખિયા હનુમાન મંદિરે હજારોની સંખ્યામાં હનુમાન ભક્તોની ભીડ ઉમટી**

**જિલ્લાનાં તમામ હનુમાન મંદિરમાં મહાઆરતી, પ્રસાદી વિતરણ, સંતવાણી સહિતનાં કાર્યક્રમો યોજાયા**

**હનુમાનજીની પ્રસન્નતા મેળવવા ભક્તોએ સિંદુર, તેલનો અભિષેક કરી આંકડાની માળા ચડાવી**

**ભૂરખિયા પદપાળા જતાં યાત્રાળુઓ માટે ચા-પાણી, નાસ્તાની પણ સેવાભાવીઓ દ્વારા વ્યવસ્થા કરાઈ**



અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં આજે ભગવાન શ્રી રામનાં પરમભક્ત હનુમાનજી મહારાજનાં જન્મોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી અને જિલ્લાનાં સુપ્રસિધ્ધ ભૂરખિયા હનુમાન મંદિરે હજારોનીસંખ્યામાંભકતજનોએદર્શન કરીધન્યતાઅનુભવીહતી.

અમરેલીશહેરનાંનાગનાથ મંદિરમાં આવેલ હનુમાન મંદિર, લાલાવાવહનુમાન, કેસરીનંદન, હઠીલા હનુમાન, બાલહનુમાન, રોકડીયા, બાલાજી હનુમાન મંદિરે મહા આરતી, મહાપ્રસાદ, હનુમાન ચાલીશાનાં પાઠ સહિતનાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયાહતા.

હનુમાન ભકતોએ સિંદુર, તેલઅનેઅડદવડેહનુમાનજીમહારાજને અભિષેક કરીને આંકડાની માળા ચડાવીને હનુમાનજી મહારાજનાં આશીર્વાદ મેળવ્યા હતા. અમરેલી ઉપરાંત સાવરકુંડલા, રાજુલા, ધારી, બાબરા, બગસરા, વડિયા, કુંકાવાવ, લીલીયા સહિતનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ હનુમાન જયંતીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

## અગાઉ નીટની પરીક્ષામાં ઓછા માર્કસ આવેલ

# અમરેલીની સિધ્ધિ વિનાયક સોસાયટીમાં યુવકે નીટની પરીક્ષાનાં ટેન્શનમાં ગળાફાંસો ખાધો

**સુતરની દોરી વડે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી**

અમરેલી, તા.૨૩

અમરેલીના ચિતલ રોડ ઉપરઆવેલસિદ્ધિવિનાયકસોસાયટીમાં રહેતા કૌશલ મનોજભાઈ વાળા નામનાં ૧૯વર્ષિય યુવક ધોરણ બાર સાયન્સની પરીક્ષામાં પાસ થયેલ હોય અને તેમણે અગાઉ નીટની પરીક્ષા આપેલ હોય તે પરીક્ષામાંઓછામાર્કઆવેલહોય. જેથી

અનુસંધાન પાના ૬ ઉપર

## ભાવેશભાઈ પોપટભાઈ સોલંકી નામનાં

# અમરેલીનાં વાંકીયા ગામનાં યુવકે અગમ્ય કારણોસર ઝેરી ટીકડા પી લીધા

**સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા.૨૩

અમરેલી તાલુકાના વાંકીયા ગામે રહેતા ભાવેશભાઈ પોપટભાઈ સોલંકી નામના ૫૪ વર્ષિય આધેડે ગત તા. ૨૧ના રોજ રાત્રે ૧૦ વાગ્યે વાંકીયા ગામે કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયા વિગેરે બાબત.

HEALTH CHECKUP PACKAGES
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL

| SILVER | GOLD | PLATINUM | |
|---|---|---|---|
| Consultation (MD) | Consultation (MD) | Consultation (MD) | CBC |
| BP | BP | Consultation (ORTHO) | CREATININE |
| RBS | CBC | Consultation (OPTHAL) | SGPT |
| CBC | ECG | ECG | LIPID PROFILE |
| | LIPID PROFILE | ECHO | TSH |
| | SUGAR - RBS | X-RAY | SUGAR - RBS |
| ₹200 | ₹675 | ₹1175 | |

99789 66629

## અધિકારીઓ અને પદાધિકારીઓ માટે શરમજનક ઘટના

# લ્યો બોલો : રાજુલામાં 3 મહિના પહેલા બનેલ પુલમાં ગાબડા પડવાનુ શરૂ થતાં શહેરીજનોમાં આશ્ચર્ય

**બાંધકામ કચેરીમાં એજન્સી પાસેથી ટકાવારી બંધ ન થાય ત્યાં સુધી આવું થયા જ કરશે**



અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લાનાં માર્ગ–મકાન વિભાગ (પંચાયત/સ્ટેટ) માં વર્ષોથી બાંધકામ કરતી એજન્સીઓ અને અમુક પદાધિકારીઓ વચ્ચેની મિલીભગત જોવા મળી રહી છે. પટ્ટાવાળાથી લઈને ઉચ્ચ અધિકારી અને પદાધિકારીઓને પણ ખર્ચા–પાણીની રકમ મળતી હોવાથી બાંધકામ એજન્સીઓ તે રકમ વસુલ કરવા બાંધકામ કરવામાં નિયમોને નેવે મુકી દે છે અને તેનો ભોગ જેના નાણાથી વિકાસ થાય છે તે જનતા બની રહી છે અને આવી જ એક ઘટના પ્રકાશમાં આવી છે.

અમરેલી જિલ્લાના રાજુલા પાસે કહેવાતા ધાતરવડી બ્રિજ પર ગાબડું પડયું. ગાબડું પડયું તે કોઈ મોટી વાત નથી પરંતુ વાત એ છે કે હજુ આ પુલ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૩/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


Sheetal
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ
હવે, 6 KG માં પણ ઉપલબ્ધ


આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...

# ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા ભૂરખિયાનાં પદયાત્રિઓની સેવામાં જોડાયા








આજે હનુમાન જયંતિ હોય ત્યારે લાઠીનાં ભુરખીયા ખાતે આવેલ સુપ્રસિધ્ધ ભુરખીયા હનુમાનજી મંદિરે લાખોની સંખ્યામાં પદયાત્રીકો જતા હોય છે. ત્યારે આ અવસરે ચાલીને જતા પદયાત્રીઓ માટે ઠંડા પીણાનો સ્ટો ઉભો કરવામાં આવ્યો હતો. માનવ સેવા એ પ્રભુ સેવા સુત્રને ખરા અર્થમાં સાર્થક કરતા એટલે ભરત સુતરીયા અમરેલીથી ભુરખીયા લાખોની સંખ્યામાં પદયાત્રીકો ચાલીને ભુરખીયા હનુમાનજી દાદાના દર્શને જતા હોય છે. દાદાને દર્શને જતા પદયાત્રીકોની સેવા કરવાનો અવસર મળતા ધન્યતા અનુભવાય તેમજ સાવરકુંડલાના નાની વડાળ ગામે સમસ્ત નાની વડાળ ગામ પરિવાર ધ્વારા આયોજિત જીર્ણોધાર, પ્રાણ પ્રતિષ્ઠા, યજ્ઞ મારૂતિ, યાગ તેમજ મોક્ષતીર્થ મંગલ મંદિર લોકાર્પણ પ્રસંગે સહભાગી થઈ સ્વામીજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ તકે લોકસભાના સહ સંયોજક પુનાભાઈ ગજેરા, યજમાન નાગજીભાઈ ઠુંમર ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ મેવાસા ગામ ખાતે ધાંધિયા પરિવાર ધ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણમાં સહભાગી થઈ વ્યાસપીઠના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ તકે લોકસભાના સહ સંયોજક પુનાભાઈ ગજેરા હાજર રહ્યા હતા. ભરત સુતરીયાએ લોકોની સેવા માટે હર હંમેશ ઉભા રહ્યા છે. ઈકો કાર પલટી મારી જતાં કારમાં સવાર બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા ત્યારે પ્રચારમાં જતા ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા ઈજાગ્રસ્તોની મદદે પહોંચ્યા હતા. ઈકો કારમાં ફસાયેલા બે લોકોને બહાર કાઢીને પોતાની કારમાં બેસાડીને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. ખરા અર્થમાં ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા દૂત બનીને સામે આવ્યા હતા. ભરત સુતરીયા માનવતાનું ઉત્તમ ઉદાહરણ આપ્યું હતું.

### સવારે ૯ કલાકે સત્યનારાયણની કથા દ્વારા

## અમરેલીમાં આજે કોંગી ઉમેદવાર જેની ઠુંમરનાં ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ

### જુના માર્કેટયાર્ડમાં કાર્યાલય ધમધમતુ થશે

અમરેલી, તા. ૨૩

અમરેલીલોકસભાબેઠકની ચૂંટણીનાંઉમેદવારજેનીઠુંમરનાંચૂંટણી કાર્યાલય આતીકાલ બુધવારે સવારે ૯ કલાકે સત્ય નારાયણની કથા સાથે વિધિવત ધમધમતુ થશે.



અમરેલીનાં જુના માર્કેટયાર્ડ ખાતે આવેલ કોંગ્રેસ પક્ષનાં કાર્યાલયને ચૂંટણી કાર્યાલયમાં તબદલી કરવામાં આવશે. આ તકે જિલ્લાભરમાંથી કોંગ્રેસ પક્ષનાં આગેવાનો ઉપસ્થિત રહેશે.

## ચૂંટણી ખર્ચ ઓબ્ઝર્વર તરીકે આઈ.આર.એસ. શ્રીનિવાસુ કોલ્લીપકાની નિયુકિત

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણી માટે આગામી તા. ૦૭મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે.

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત ભારતના ચૂંટણીપંચ દ્વારા ૧૪– અમરેલી લોકસભા મતક્ષેત્રમાં ખર્ચ ઓબ્ઝર્વર (નિરીક્ષક) તરીકે આઈ. આર. એસ. શ્રીનિવાસુ કોલ્લીપકાની નિયુક્તિ કરવામાં આવી છે. ચૂંટણી ખર્ચ બાબતે લોકસંપર્ક અર્થે અમરેલી સ્થિત સર્કિટ હાઉસ બેઠક ઢમ ખાતે સવારે ૧૦:૦૦ થી સવારે ૧૧:૦૦ દરમિયાન મળી શકશે. તેમના મોબાઈલ નંબર ૭૯૯૦૩૪૩૮૪૮ છે, તેમનો સંપર્ક કરી શકાશે, તેમ અમરેલી જિલ્લા ચૂંટણી ખર્ચ નોડલ અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

### અમરેલી નજીક આવેલ

## ચાડીયા ખાતેના અન્નપૂર્ણા ટ્રસ્ટની અમદાવાદ ખાતે બેઠક યોજાઈ

### ચાડીયા ગામનાં વિકાસને લઈને ચર્ચાઓ થઈ

અમરેલી, તા. ૨૩




અમરેલી નજીક આવેલ ગોકુળિયું ગામ ચાડીયા ખાતે આવેલ અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટ ચાડીયાના ટ્રસ્ટીઓ અને કારોબારી સદસ્યો તેમજ ગામના આગેવાનોની એક અગત્યની મીટીંગ અમદાવાદ ખાતે મળેલ હતી. જેમાં અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીના નેજા નીચે ચાડીયા ગામને ગોકુળિયું ગામ સાર્થક કરવા હેતુથી જે વિકાસના કામ કરેલ હતા તેનો અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો રજુ કરેલ હતા. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢિયા, ટ્રસ્ટી ધીરૂભાઈ ભંડેરી, મનસુખભાઈ ગજેરા, ચતુરભાઈ શિંગાળા, કનુભાઈ શિંગાળા, રમેશભાઈ ગઢિયા, દિનેશભાઈ ગઢિયા, ગીરીશભાઈ ગઢિયા, પ્રવીણભાઈ ગઢિયા, પ્રવીણભાઈ સાવલિયા, ગુણવંતભાઈ ભંડેરી, મયુરભાઈ ગઢિયા, નવનીતભાઈ ગઢિયા, આર.જી. સાવલિયા, ધીરૂભાઈ ગઢિયા, છગનભાઈ પાનસુરીયા, અનિભાઈ પેથાણી, શૈલેશભાઈ ગઢિયા, ભરતભાઈ ભંડેરી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. જયારે અન્ય ટ્રસ્ટી વલ્લભભાઈ રામાણી, ચાડીયા ગામ આગેવાન અને પૂર્વ સરપંચ ઘનશ્યામભાઈ વાળા, મંડળીના પ્રમુખ લાલજીભાઈ રામાણી સંજોગો વસાત હાજર રહી શકેલ નથી પરંતુ ગ્રામ વિકાસના કામમાં જે નિર્ણય થશે તેમાં પોતાના સહકાર સાથે શુભેચ્છા પાઠવેલ હતી. હવે પછીના સર્વ ગ્રામજનો તેમજ બહાર વસતા દાતાઓ અને વતન પ્રેમીઓના સહયોગથી ગામમાં જરૂરિયાત મુજબ વિકાસના કામમાં આગળ વધવું તેમજ ગ્રામજનો તેમજ સર્વે બહાર વસતા વતન પ્રેમીઓનું એક સંમેલન ચાડીયા ખાતે રાખવા પ્રમુખ સ્થાનેથી હસમુખભાઈ ગઢિયાએ જણાવેલ હતું. ગામના વિકાસમાં સર્વે ગ્રામજનોનો ઉત્સાહ વધે તે હેતુથી ચાડીયા ગામના વતનીઓ જયાં વસતા હોય તે ગામજનો પોતાને ઘેર એક બચત પેટી રાખે તેમાં રોજીંદા યોગ્ય બચત કરી વર્ષને અંતે ટ્રસ્ટને અર્પણ કરે જે સર્વોએ સ્વીકારેલ. અંતે સર્વ દાતાઓ, શુભેચ્છકોનો આભાર માનેલ તેમ ટ્રસ્ટી વલ્લભભાઈ રામાણી યાદીમાં જણાવેલ છે.

## ઉના : ભજન–ભાવ ભકિતનો ત્રિવેણી સંગમ એટલે કેસરીયા ગામ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૩

આજથી ત્રીસ વર્ષ થયે ભગત સ્વર્ગસ્થ પાંચાભાઈ ઈરની શ્રદ્ધા અને ગામના સથવારે શ્રી રામદેવજી મહારાજનો મંડપ સંપન્ન કરેલ.


આટલા વર્ષો બાદ પેલી કહેવત પ્રમાણે કે સમય–સંજોગ અને સમાધાનનો સંગમ થાય ત્યારે ગમે તેવું ભગીરથ કાર્ય આસાન બની જાય છે.

બસ તેવી જ રીતે સમસ્ત કેસરિયા ગામ શ્રી રામદેવ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠાના સેવા યજ્ઞમાં જોડાય ગયું અને ભક્તિ એકતા અને સમાનતાનું ઘોડાપુર વહ્યું સૌ પોતાની આવડત –શક્તિ અને સમજદારીથી કાર્ય સિદ્ધિમાં લાગી ગયા હતા કાર્ય સંપન્ન થતા તા.૨૩/૦૪/૨૦૨૪ થી તા. ૨૬/૦૪/૨૦૨૪ સુધીમાં આશરે ૩૦ હજાર માણસો ભોજન પ્રસાદ લે તેવું આયોજન કરેલ છે.

## બાબાપુર ખાતે હનુમાન મંદિરના ૧૬માં પાટોત્સવની આસ્થાભેર ઉજવણી



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર



અમરેલી, તા. ૨૩

અમરેલી નજીક બાબાપુર ગામ નજીક આવેલ હનુમાન મંદિરના ૧૬માં પાટોત્સવની હનુમાન ભકતોની ઉપસ્થિતીમાં આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

## એસ.એમ.એસ. થી મેળવી શકાય છે બુથ સ્લીપ : કેવી રીતે કરીએ ૧૯૫૦ પર એસ.એમ.એસ

અમરેલી, તા. ૨૩

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે તા. ૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ મતદાન થશે. નાગરિકો પોતાની બુથ સ્લીપ કેવી રીતે મેળવી શકે તેની વિગતો જોઈએ તો, બુથ સ્લીપ માટે ૧૯૫૦ પર (એસ.એમ. એસ.) કરવાનો રહે છે. ૧૯૫૦ પર ઈ.સી.આઈ એસ.પી. એ.સી.ઈ. (વોટર આઈડી) એસ.એમ. એસ. કરવાથી ૧૫ સેકન્ડ જેટલા સમયગાળામાં મોબાઈલ પર બુથ સ્લીપ મેળવી શકાય છે. એસ.એમ. એસ દ્વારા બુથ સ્લીપ મેળવવાની આ વિગતોને હાથવગી રાખીએ. ૧૯૫૦ પર એસ. એમ.એસ. કરવાથી ભારતીય ચૂંટણી પંચ ઈ.સી.આઈ.નો સંપર્ક કરવા બદલ આભાર. વિનંતી કરવામાં આવેલી વિગતો ટૂંક સમયમાં મોકલવામાં આવશે. ઈ.સી.આઈ. આ મેસેજમાં નામ, ભાગ નંબર, ક્રમ નંબર ઈ.સી.આઈ સહિતની વિગતો ઉપલબ્ધ થશે. લોકશાહીના પર્વમાં વધુમાં વધુ મતદાન કરીએ.

### બીઓઆઈનાં શાખાનો એકાઉન્ટ નંબર મેળવીને

## ખાંભાના મોટા સરાકડીયા ગામના ઈસમે ડેડાણનાં વૃધ્ધ સાથે વિશ્વાસઘાત કર્યો

### રૂપિયા ૮.૯૪ લાખ જેવી રકમ મેળવી લીધી

અમરેલી, તા. ૨૩

ખાંભા તાલુકાના મોટા સરાકડીયા ગામે રહેતા સંજયભાઈ બાલાભાઈ રાઠોડે ડેડાણ ગામે રહેતા અને લક્ષ્મી બોન મીલ નામે વ્યવસાય કરતાં કરશનભાઈ વશરામભાઈ વાળા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધને વિશ્વાસમાં લઈ તેમની જાણ બહાર ગત તા. ૩૦/૪/૨૩ થી તા.૧૬/૧/૨૪ ના બપોરના ૨ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન વૃધ્ધના બેંક ઓફ ઈન્ડીયા, અમરેલી શાખાના બેંક એકાઉન્ટ નંબર, એટીએમ નંબર અને સીવીવી તથા એટીએમનો પાસવર્ડ મેળવી તેનો દૂરઉપયોગ કરી તેના વડે યુપીઆઈ આઈ.ડી. બનાવી વૃધ્ધનાં બેંક ખાતામાંથી રૂપિયા ૮,૯૪,૪૦૯ મેળવી લઈ વૃધ્ધ વેપારી સાથે વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### જેતપુર ખાતે રહેતા પતિએ પત્નીને બોટાદ જવાની ના પાડી

## બાબરામાં પારિવારીક માથાકૂટમાં બનેવી અને સાળા વચ્ચે મારામારી

અમરેલી, તા. ૨૩

જેતપુર ગામે રહેતા પૃથ્વીરાજભાઈ સુરેશભાઈ ધાધલે તેના પત્નિ ઉપાસનાબેનને બોટાદ શ્રીમંતમાં જવાની ના પાડેલ હોય. જે બાબતનું તેમના બાબરા ગામે રહેતા સાળા ભવદિપભાઈને સારૂ નહી લાગતા તેમણે ફોન કરી ગાળો આપી બાબરા આવવાનુ જણાવતા બનેવી બાબરા આવતા અન્ય આરોપીએ ઢીકાપાટુ મારી પકડી રાખી ભવદિપ ખાચરે તલવાર વતી ગાલે તથા માથામાં તથા પગમાં તલવાર મારી ઈજા કરી ગાલે સાત તથા માથામાં ત્રણ તથા પગમાં એક ટાકો લાવી, ઢીકાપાટુ મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ચાર સામે ફરિયાદ નોંધાઈ છે.

આ જ બનાવમાં ભવદિપભાઈ રઘુભાઈ ખાચરે પણ પુથ્વીરાજભાઈ સુરેશભાઈ ધાધલ તથા બે અજાણ્યાઈસમો સામે ગાળો આપી ઢીકાપાટુ વડે મુંઢ માર મારી છરી વડે ડાબા હાથની હથેળીમાં મારી ઈજા કરી મારી નાખવાની ધમકી આપ્યાની ત્રણેય આરોપીઓ સામે સામી ફરિયાદ નોંધાઈ છે.

### તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી વચ્ચે ઝુલતો હોય

## અમરેલી પાલિકાએ શહેરીજનોને ગરમીથી બચવા માટે ગાઈડલાઈન જાહેર કરી

અમરેલી, તા. ૨૩

અમરેલી શહેરમાં તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી વચ્ચે હોય પાલિકાનાં ચીફ ઓફિસરે શહેરીજનોને ગરમીથી કેવી રીતે બચી શકાય તે અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે.

જેમાં ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું, ગરમીમાં ખુલતા સફેદ કપડા પહેરવા, નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધ અને અશકત વ્યકિતઓએ તડકામાં ફરવું નહી, દિવસ દરમિયાન પુષ્કળ પાણી પીવું, શકય હોય તો લીંબુનું શરબત પીવુ, ભીના કપડાથી માથુ ઢાંકી રાખવુ, જરૂર જણાએ અવારનવાર ભીના કપડાથી શરીર લુંછવું, ભૂખ્યા રહેવાથી દૂર રહેવું, માથાનો દુ:ખાવો, બેચેની, ચકકર, ઉબકા કે તાવ આવે તો નજીકનાં દવાખાનામાં તબીબની સલાહ લેવી તેમ અંતમાં જણાવેલ છે.

### આચાર્ય દક્ષાબેન સરવાળીયાના અધ્યક્ષ સ્થાને

## બાબરામાં તાલુકા કુમાર શાળાના ધો. ૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

બાબરા, તા. ૨૩



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં તાલુકાના કુમાર શાળામાં ધોરણ ૧ થી ૮ ની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થતાં છેલ્લા વર્ષ ધોરણ ૮ માં રહેલ વિધાર્થીઓ નો વિદાય સમારંભ આચાર્ય દક્ષાબેન સરવાળીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમાં શાળાના શિક્ષકો દ્વારા વિધાર્થીઓ ને ભાવભરી વિદાય આપી આગળ ઉચ્ચ અભ્યાસ માટે જતા વિધાર્થીઓ ને શુભેચ્છાઓ અને શીખ આપી હતી. શાળામાં ૧ થી ૮ સુધી અભ્યાસ કરી રહેલા વિધાર્થીઓ દ્વારા શાળાને કાયમી એક સ્મૃતિ ભેટ આચાર્યને અર્પણ કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક વિપુલભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

### રાજસ્થાનમાં વડાપ્રધાન મોદીએ ફરી કર્યો પ્રહાર

# કોંગ્રેસના રાજમાં હનુમાન ચાલીસા સાંભળવી પણ ગુનો ગણાય છે : મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનમાં એક રેલી દરમિયાન કહ્યું કે કોંગ્રેસ હંમેશા એસસી, એસટીના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરે છે

સવાઈ માધોપુર, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક ચૂંટણી રેલીમાં આરોપ કર્યો હતો કે કોંગ્રેસના રાજમાં હનુમાન ચાલીસા સાંભળવી પણ અપરાધ બની જાય છે. તેમણે કોંગ્રેસ પર તીખા આરોપો કરવાનું ચાલુ રાખ્યું હતું અને કહ્યું કે કોંગ્રેસ હંમેશા એસસી, એસટીના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરે છે. તેમણે કહ્યું કે હું બાબા સાહેબ આંબેડકરને પૂજું છું. આ દેશમાં કોંગ્રેસ જાતિના નામે નહીં, પરંતુ ધર્મના નામે અનામત આપવા માગતી હતી.રાજસ્થાનમાં ટોંક-સવાઈ માધોપુર ખાતે એક ચૂંટણી સભામાં મોદીએ જણાવ્યું કે કોંગ્રેસ જે રાજ્યમાં સત્તા પર હોય ત્યાં કોઈ વ્યક્તિ હનુમાન ચાલીસા સાંભળે તો પણ તેના પર હુમલો કરવામાં આવે છે. તેમનો ઈશારો કર્ણાટક તરફ હતો જ્યાં એક દુકાનદાર પર હનુમાન ચાલીસા સાંભળવાના મુદ્દે હુમલો થયો હતો. તેમણે કહ્યું કે રાજસ્થાનના લોકો કોંગ્રેસનું શાસન સહન કરી ચૂક્યા છે. આ વર્ષે રામનવમીના દિવસે પહેલી વખત શોભાયાત્રા કાઢવામાં આવી હતી. રાજસ્થાન જેવા રાજ્યમાં જ્યાં લોકો રામ-રામનો મંત્રોચ્ચાર કરે છે ત્યાં કોંગ્રેસે રામનવમી પર પ્રતિબંધ મૂક્યો હતો.વડાપ્રધાન મોદીએ કહ્યું કે હનુમાન જયંતિએ તમારી સાથે વાત કરતી વખતે મને એક ચિત્ર યાદ આવે છે. થોડા દિવસો અગાઉ કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં એક દુકાનદારને એટલા માટે ફટકારવામાં આવ્યો કારણ કે તે દુકાનમાં બેસીને હનુમાન ચાલીસા સાંભળતો હતો. કોંગ્રેસની સરકારે રાજસ્થાનમાં સિરિયલ બ્લાસ્ટના આરોપીને બચાવવાનું પણ કામ કર્યું હતું. જો કોંગ્રેસ સત્તા પર આવશે તો તે પોતાના માટે ભ્રષ્ટાચારના નવા રસ્તા શોધી લેશે. કોંગ્રેસના શાસનમાં રાજસ્થાન મહિલા વિરુદ્ધ અપરાધોમાં નંબર વન હતું. કોંગ્રેસે વિધાનસભામાં બેશરમ થઈને કહ્યું હતું કે આ તો રાજસ્થાનની ઓળખ છે. "અરે ડૂબી મરો."મોદીએ કહ્યું કે આપણે જ્યારે જ્યારે વિભાજિત થઈએ છીએ ત્યારે દેશના દુશ્મનો તેનો ફાયદો ઉઠાવે છે. રાજસ્થાનના લોકો સુરક્ષિત દેશ અને મજબૂત સરકારનું મહત્ત્વ સમજે છે અને તમે ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપની મજબૂત સરકારને મત આપ્યો છે. તમે રાજસ્થાનમાં તમામ ૨૫ બેઠકો ભાજપને આપી છે. રાજસ્થાનમાં એકતા એ સંપત્તિ છે. આપણે જ્યારે જ્યારે વિભાજિત થયા છીએ ત્યારે દુશ્મનોએ તેનો ફાયદો લીધો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરની ચૂંટણી સભાઓમાં કોંગ્રેસ સામે આક્રમક આરોપો મૂકી રહ્યા છે. તાજેતરમાં તેમણે કોંગ્રેસના ચૂંટણીઢંઢેરાને નિશાન બનાવીને કહ્યું હતું કે "કોંગ્રેસ સત્તા પર આવશે તો બધાની સંપત્તિ એકઠી કરીને વધુ બાળકો પેદા કરનારા સમુદાયમાં, ઘૂસપેઠીયાઓમાં વહેંચી દેશે."પીએમ મોદીએ કહ્યું હતું કે ૨-૩ દિવસ પહેલા મેં કોંગ્રેસની આ વોટ બેન્ક અને તુષ્ટિકરણની રાજનીતિનો પર્દાફાશ કર્યો હતો. આનાથી કોંગ્રેસ અને તેની ઈકોસિસ્ટમ એટલી નારાજ થઈ ગઈ છે કે તેઓ દરેક જગ્યાએ મારી સાથે દુર્વ્યવહાર કરવામાં વ્યસ્ત છે. કોંગ્રેસ વોટબેક્રની રાજનીતિમાં એટલી ડૂબી ગઈ છે કે તેને બાબા સાહેબના બંધારણની પણ પરવા નથી. કોંગ્રેસના ઢંઢેરામાં લખવામાં આવ્યું છે કે અમે તમારી મિલકતનો સર્વે કરીશું, અમારી માતા-બહેનો પાસે જે મંગલસૂત્ર છે તેનો સર્વે કરીશું. ત્યારે તેમના એક નેતાએ તો ત્યાં સુધી કહ્યું કે એક્સ-રે કરાવવામાં આવશે. પીએમએ કહ્યું કે વર્ષ ૨૦૧૧માં કોંગ્રેસે તેને સમગ્ર દેશમાં લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો. એસસી/એસટી અને ઓબીસીને આપવામાં આવેલા અધિકારો છીનવીને, તેઓએ વોટ બેંકની રાજનીતિ માટે અન્યને આપવાની રમત રમી હતી. કોંગ્રેસે આ બધું બંધારણની મૂળ ભાવના વિરુદ્ધ હોવાનું જાણતી હોવા છતાં અનેક પ્રયત્નો કર્યા હતા. પરંતુ કોંગ્રેસને બંધારણની પરવા નહોતી.પીએમએ કહ્યું કે સત્ય એ છે કે જ્યારે કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન સત્તામાં હતું ત્યારે તેઓ દલિતો અને પછાત વર્ગોના અનામતમાં કાપ મુકીને તેમની વિશેષ વોટ બેક્ર માટે અલગ અનામત આપવા માંગતા હતા. જ્યારે બંધારણ તેની વિરુદ્ધમાં છે. અનામતનો જે અધિકાર બાબા સાહેબે દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓને આપ્યો હતો કોંગ્રેસ અને તેનું ગઠબંધન તેને ધર્મના આધારે મુસ્લિમોને આપવા માંગતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોંગ્રેસના આ ષડયંત્રો વચ્ચે મોદી આજે તમને ખુલ્લા મંચ પરથી ખાતરી આપી રહ્યા છે કે દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓ માટે અનામત ખત્મ પણ નહી થાય અને તેને ધર્મના નામે વિભાજિત થવા દેવામાં પણ આવશે નહીં.

### સાળંગપુરમાં હનુમાન જયંતિની જોરશોરથી ઉજવણી

# ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સાળંગપુર ધામમાં હનુમાનજીના દર્શન કર્યા

## સમૂહ મારુતિ યજ્ઞ અને સાથે જ હનુમાનજી દાદાને ધરાવેલા મહાઅન્નકૂટની આરતી નું પણ આયોજન કરવામાં આવ્યું હતુ

બોટાદ, તા.૨૩

આજે હનુમાન જયંતી પાવન પર્વ નિમિતે સાળંગપુર ધામ ખાતે હનુમાન જયંતિ ની ઉજવની ધામધૂમ પૂર્વક કરવામાં આવે છે .ઉજવણીના આ ઉત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ હાજર રહ્યા અને દાદા ના આશીર્વાદ મેળવ્યા.દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાનજીના પાવન અવસરે સાળંગપુર ગામ ખાતે અનેક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમૂહ મારુતિ યજ્ઞ અને સાથે જ હનુમાનજી દાદાને ધરાવેલા મહાઅન્નકૂટની આરતી નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આરતી થયા હતા તેમણે પૂર્ણ શ્રદ્ધાથી હનુમાનજી દાદાની આરતી કરી અને સૌ લોકોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના પણ કરી હતી.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દાદાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા બાદ બીએપીએસ મંદિર ખાતે પણ દર્શન કર્યા હતા. દ્વારા સીએમ નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને જગ્યાએ દર્શન કરી મુખ્યમંત્રી હેલિકોપ્ટર મારફતે ગાંધીનગર જવા રવાના થયા હતા. સાળંગપુર ખાતે હનુમાન જયંતિ ની ભવ્ય અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સંતો, અગ્રણીઓને અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા

### રુપાલા સામેનો વિવાદ ઠારવાનો પ્રયાસ

# ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ ક્ષત્રિય આગેવાનો સાથે બંધ બારણે યોજી બેઠક

## બનાસકાંઠાના ડીસાની એક હોટલમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને બોલાવાયા

અમદાવાદ, તા.૨૩

લોકસભાની ચૂંટણી પ્રસંગે, ભાજપ દ્વારા યોજાતા જાહેર કાર્યક્રમોમાં પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ મંચ પર સ્થાન ના લેતા હોવાથી ભારતીય જનતા પાર્ટીમાં ચિંતા પ્રસરી છે. રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ભાજપે છેલ્લા બે દિવસથી કવાયત હાથ ધરી છે. બનાસકાંઠાના ડીસાની એક હોટલમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને બોલાવાયા હતા.લોકસભાની રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રુપાલા વિરુદ્ધ ક્ષત્રિયોમાં ફેલાયેલા આક્રોશને ઠારવા અને લોકસભા ચૂંટણી ટાણે ભાજપને વધુ રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ છેલ્લા બે દિવસથી પ્રયાસો હાથ ધર્યા છે. સૌરાષ્ટ્રમાં બેઠક યોજયા બાદ, હવે હર્ષ સંઘવીએ આજે બનાસકાંઠાના ડીસાની હોટલમાં ક્ષત્રિય આગેવાનો સાથે બંધ બારણે બેઠક યોજી હતી.લોકસભાની ચૂંટણી પ્રસંગે, ભાજપ દ્વારા યોજાતા જાહેર કાર્યક્રમોમાં પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ મંચ પર સ્થાન ના લેતા હોવાથી ભારતીય જનતા પાર્ટીમાં ચિંતા પ્રસરી છે. રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ભાજપે છેલ્લા બે દિવસથી કવાયત હાથ ધરી છે. બનાસકાંઠાના ડીસાની એક હોટલમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને બોલાવાયા હતા.બંધ બારણે બોલાવેલી બેઠકમાં, પાટણના સંસદ સહિત બંને જિલ્લાના આગેવાનો હાજર રહ્યાં હતા. પરશોત્તમ રૂપાલાની ટિકિટ ન કાપતા ક્ષત્રિયોમાં વધતી જતી નારાજગીને ડામવાનો પ્રયાસ કરાયો હતો. ભાજપ દ્વારા રુપાલા વિવાદમાં ડેમેજ કંટ્રોલ કરવામાં આવતો નથી તેવી લાગણી કાર્યકરોમાં ફેલાતા હવે પક્ષના પ્રદેશ મહામંત્રી અને ગૃહપ્રધાને સમગ્ર દોર સંભાળી લીધો હોય તેમ માનવામાં આવી રહ્યું છે.

### પત્નીને ચૂંટણી લડાવવાનું દબાણ

# ભાજપે બાહુબલી નેતાની ટિકિટ લટકાવી ! નથી થઈ રહી કોઈ જાહેરાત

## બ્રિજભૂષણ શરણ સિંહની ટિકિટ પરનો નિર્ણય તેમના પર લાગેલા યૌન શોષણના આરોપોને કારણે ટાળવામાં આવી રહ્યો છે

લખનૌ, તા.૨૩

ભાજપે ઉત્તર પ્રદેશની મોટા ભાગની બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે પરંતુ રાયબરેલી અને કૈસરગંજ જેવી ચર્ચિત બેઠકો પર હજુ પણ ઉમેદવારો જાહેર નથી કર્યા. દરેકની નજર કૈસરગંજ પર છે કારણ કે બાહુબલી નેતા બ્રિજભૂષણ શરણ સિંહ અહીંથી ભાજપના સાંસદ છે. તેમની ટિકિટ હજુ સુધી નક્કી કરવામાં નથી આવી અને પાર્ટીએ એવા પણ કોઈ સંકેત નથી આપ્યા કે બ્રિજભૂષણનું ચૂંટણી મેદનમાં નહીં ઉતરશે તો તેમના સ્થાન પર કોને ચૂંટણી મેદનમાં ઉતારવામાં આવશે. આ વચ્ચે હવે પાર્ટી સૂત્રોનું કહેવું છે કે બ્રિજભૂષણ શરણ સિંહની ટિકિટ પરનો નિર્ણય તેમના પર લાગેલા યૌન શોષણના આરોપોને કારણે ટાળવામાં આવી રહ્યો છે. આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે અને દિલ્હીની કોર્ટ આ મહિનાના અંત સુધીમાં પોતાનો ચુકાદો આપી શકે છે. આવી સ્થિતિમાં ભાજપ હાઈકમાન્ડ ઈચ્છે છે કે કોર્ટના નિર્ણયને ધ્યાનમાં રાખીને પણ ટિકિટ નક્કી કરવામાં આવે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો નિર્ણય બ્રિજભૂષણ શરણ સિંહના પક્ષમાં આવે તો તેમને ટિકિટ મળી શકે છે. અન્યથા તેમના જ પરિવારના કોઈપણ સદસ્યને ઉમેદવાર બનાવવામાં આવી શકે છે. સૌથી વધુ ચર્ચા તેમની પત્ની કેતકી સિંહના નામની થઈ રહી છે. કેતકી સિંહ પહેલા પણ ૧૯૯૬ થી ૧૯૯૮ સુધી સાંસદ રહી ચુક્યા છે. જો કે, એવી પણ માહિતી સામે આવી રહી છે કે, બ્રિજભૂષણ પરિવારમાં પણ કોઈને ટિકિટ આપવા નથી માગતા અને પોતે ચૂંટણી લડવા માંગે છે.આ કારણોસર ભાજપ માટે કૈસરગંજ બેઠક પર નિર્ણય લેવો થોડો મુશ્કેલ થશે. ભાજપ હાઈકમાન્ડ બ્રિજભૂષણ શરણ સિંહને મહિલા કુશ્તીબાજો દ્વારા યૌન શોષણના આરોપો સાથે સબંધિત કેસનો હવાલો આપતા કહી રહ્યું છે કે, આ અંગે ચુકાદાની રાહ જુઓ. જો નિર્ણય તમારા પક્ષમાં આવે તો ચૂંટણી લડો, નહીં તો પરિવારના કોઈ સભ્યને તક આપો. પાર્ટીના વ્યૂહનીતિકારોનું માનવું છે કે કેતકી સિંહને મેદાનમાં ઉતારવાથી મહિલા કાર્ડ પણ મજબૂત થશે. પીએમ નરેન્દ્ર મોદી ખુદ સતત મહિલાઓને પ્રમોટ કરવાની વાત કરી રહ્યા છે.ગત અઠવાડિયે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં બ્રિજભૂષણ શરણ સિંહ સામે આરોપ ઘડવા અંગેનો નિર્ણય આવવાનો હતો. પરંતુ બ્રિજભૂષણે અપીલ કરી હતી કે આ મામલે વધુ તપાસ થવી જોઈએ. તેમની અરજી પર સુનાવણી બાદ કોર્ટે નિર્ણય રિઝર્વ રાખ્યો હતો અને આ જ મહિનાના અંત સુધીમાં ચુકાદો આપી શકે છે. બ્રિજભૂષણે પોતાની અરજીમાં એવી પણ દલીલ કરી હતી કે જે દિવસે એક મહિલા રેસલરે યૌન શોષણનો આરોપ લગાવ્યો તે દિવસે તે દેશની બહાર જ હતો.

# સિંધુ ભવન રોડ પર રહેતા બિલ્ડર સાથે વિચિત્ર ઘટના બની બિલ્ડર અને તેની મંગેતર વીડિયો ક્લિક કરતા હતા, ૨ ગઠિયાએ ચપ્પુ બતાવી લૂંટ્યા

## લગભગ સૂર્યાસ્તના સમયે આ ઘટના બની અને કપલ સ્તબ્ધ થઈ ગયું હતું

અમદાવાદ, તા.૨૩

અડાલજ પોલીસ સ્ટેશનમાં સિંધુ ભવન રોડ પર રહેતા બિલ્ડર સાથે વિચિત્ર ઘટના બની હતી. તે પોતાની મંગેતર સાથે ગાંધીનગરના રૂટ પર આવેલી નર્મદા કેનાલ છે ત્યાં લોન્ગ ડ્રાઈવ પર ગયા હતા. જ્યાં ફોટોશૂટ અને વીડિયો શૂટ કરતા સમયે રવિવારે અચાનક ૨ ગઠિયાઓ બાઈક પર તેમની પાસે આવ્યા અને હાથમાં ચપ્પુ બતાવીને ધમકાવવા લાગ્યા હતા. એટલું જ નહીં આ કપલને જાનથી મારી નાખવાની ધમકી આપી આ લોકોએ લૂંટ ચલાવતા જોવાજેવી થઈ હતી. લગભગ સૂર્યાસ્તના સમયે આ ઘટના બની અને કપલ સ્તબ્ધ થઈ ગયું હતું.અમદાવાદના સિંધુભવન રોડ પર આવેલા શાંતિનિકેતન બંગ્લોઝના રહેવાસી ૨૬ વર્ષીય સૂજલ દેવાણી સાથે આ ઘટના બની છે. તેઓ રિયલ એસ્ટેટની કંપની ચલાવે છે અને હમણા થોડા સમય પહેલા જ તેમની સગાઈ થઈ હતી. તેમની મંગેતર અંકલેશ્વર વિસ્તારમાં રહે છે. તેવામાં રવિવારે સાંજે બિલ્ડર તેમની મંગેતર સાથે SG રોડ પર લોન્ગ ડ્રાઈવ પર નિકળ્યા હતા. ત્યારપછી તેમને ફોટોશૂટ અને વીડિયોશૂટ માટે નર્મદા કેનાલ તરફ જવાનું પસંદ કર્યું હતું. અહીં બંને એકબીજાના ફોટો ક્લિક કરી આપતા હતા અને પછી વીડિયોઝ પણ શૂટ કરતા હતા. ત્યાં નજીકમાં એક રેલવે બ્રિજ છે તેની આસપાસ લગભગ ૬ વાગ્યે ૨ લોકો બાઈક લઈ અને આ કપલ પાસે આવ્યા હતા.બાઈક ચાલક બંને યુવકો અંદાજે ૨૫ વર્ષના હોવાની માહિતી મળી રહી છે. તેમણે બાઈક રોકી અને બાદમાં બિલ્ડરને પૂછ્યું કે તમે ક્યાંથી આવ્યા છો. ત્યારે તેણે કહ્યું કે અમે જ્યાંથી આવ્યા હોય ત્યાંથી હવે તારે શું કામ છે? તો તરત જ એક બાઈક ચાલકે ચપ્પુ કાઢ્યું અને કીધુ કે વધારે બોલવા લાગ્યા છો તમે. ત્યારપછી તેણે કહ્યું કે જો જીવ વ્હાલો હોય તો એક કામ કર તારો મોબાઈલ ફોન મને આપી દે. ત્યારપછી બિલ્ડરે તેનો ફોન આપી દીધો અને બાદમાં આ બંને શખસોએ રૂપિયા પણ માગ્યા હતા. જોકે આ સમયે બિલ્ડરે કહ્યું કે મારી પાસે કેશ નથી તો તેમણે ગોલ્ડની ચેઈન પરાણે માંગી અને બિલ્ડરની મંગેતરે તે ડાયમંડનું કડુ અને ગોલ્ડ નેકલેસ પહેર્યું હતું તે પણ માગી લીધું હતું.ગઠિયાઓએ ત્યારપછી બંનેની ગાડીની ચાવી લઈ લીધી અને દૂર જઈને ફેંકી દીધી હતી. જોકે બિલ્ડરની મંગેતર તેના ફોનમાં આ બંનેનો ફોટો ક્લિક કરી દીધો હતો. જેના બાદ બિલ્ડરે તેના પિતાને ફોન કર્યો અને સમગ્ર હકિકત જણાવી દીધી હતી. ત્યારપછી અડાલજ પોલીસ સ્ટેશને તેમણે આ ઘટનાક્રમ અંગે ફરિયાદ નોંધાવી દીધી હતી. હજુ સુધી પોલીસ આ બે ચોરની તપાસ કરી રહી છે.

### ભાજપના વધુ એક નેતાએ બળતામાં ઘી હોમ્યુ

# ભાજપના વધુ એક નેતાએ રાજાઓ, પટરાણીઓ, તેમના વંશ અંગે કરી વિવાદિત ટિપ્પણી

## જૂનાગઢ જિલ્લા ભાજપના પ્રમુખ કિરીટ પટેલે રાજાની પટરાણીઓ અંગે વિવાદિત નિવેદન આપીને સમગ્ર મામલામાં ભડકો કરવાનું કામ કર્યું છે

જૂનાગઢ, તા.૨૩

કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિયો અંગે કરેલી વિવાદિત ટિપ્પણીનો મામલો હજુ શમ્યો નથી. પ્રદેશની સાથો સાથ ભાજપ હાઈકમાન્ડ પણ આ અંગે ચિંતિત છે. એવા સમયે હજુ રૂપાલાવાળી બબાબ પતી નથી ત્યાં ભાજપના વધુ એક નેતાએ નાંખ્યું બળતામાં ઘી! જૂનાગઢ જિલ્લા ભાજપના પ્રમુખ કિરીટ પટેલે રાજાની પટરાણીઓ અંગે વિવાદિત નિવેદન આપીને સમગ્ર મામલામાં ભડકો કરવાનું કામ કર્યું છે. એવું લાગે છેકે, ભાજપના નેતાઓને હવે નવો શોખ જાગ્યો છે. પહેલાં અપમાન કરો અને પાછળની માહોલ ગરમ થાય તો માંફી માંગી લો. તેનો વધુ એક નમુનો જૂનાગઢમાં જોવા મળ્યો. ગઈ કાલે જૂનાગઢના વિસાવદરમાં ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાના કાર્યલયના ઉદ્‌ગાટન પ્રસંગે જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતું. તેમણે કહ્યું કે, ‘હિન્દુસ્તાનમાં એક સમય એવો હતો કે રાજાની પટરાણી બોબડી હોય, લુલી હોય, લંગડી હોય પણ તેના કુખેથી જે દીકરો પેદા થતો હતો એ રાજા બનતો હતો અને હવે રાજા મતપેટીમાંથી પેદા થાય છે.’જો કે કિરીટ પટેલના આ વિવાદાસ્પદ નિવેદનનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા તેમનો ભારે વિરોધ થયો. જેના કારણે તેમને માફી પણ માંગવી પડી. ભાજપ પ્રદેશ કાર્યાલય સુધી વાત પહોંચી જતાં આ નેતાને પણ ખખડાવવામાં આવ્યાં. સાથે જ તેમને પ્રદેશ ભાજપ કાર્યાલયથી પણ ચોખ્ખા શબ્દોમાં કહેવામાં આવ્યુંકે, માપમાં રહો. ભાષણબાજી કરતા પહેલાં ધ્યાન રાખો. આ મામલો વધુ વકરે નહીં તે પહેલાં જ માફી માંગી લેવા માટે પણ પ્રદેશ હાઈકમાન્ડે કિરિટ પટેલને સ્પષ્ટ સુચના આપી હતી. એજ કારણ છેકે, પછી આ નેતાએ નીચુ મોંઢું નાંખીને સોશિયલ મીડિયા પર આવીને માફી માંગવાની ફરજ પડી.પહેલાં મન ફાવે તેમ બોલવું, કોઈકને ઉતારી પાડવા, કોઈની જ્ઞાતિ-જાતિ વિશે વિવાદિત ટિપ્પણી કરવી..અને પાછળની મામલો વધુ ગરમ થાય એટલે માહોલ જોઈને માફી માંગી લેવી. હવે આ વસ્તુ ધીરે ધીરે ભાજપની આદત બની રહ્યું છે. પરંતુ નેતાઓ પહેલા વાણીવિલાસ કરે પછી માફી માંગી લે તેને હવે જનતા શાંખી લેવા તૈયાર નથી. ચૂંટણી પહેલા ભાજપના નેતાઓનો આવો વાણી વિલાસ ભાજપને નુકસાન કરી શકે છે. હજુ ભાજપ રુપાલાના વિવાદ મામલે ડેમેજ કંટ્રોલ કરી શક્યું નથી ત્યારે બીજી તરફ વધુ એક નેતાના બફાટે ભાજપની મુશ્કેલીમાં વધારો કર્યો છે.

### અરવિંદ કેજરીવાલને ઝટકો

# દિલ્હીના મુખ્યમંત્રી સાતમી મે સુધી તિહાડ જેલમાં રહેશે

## અરવિંદ કેજરીવાલની ગયા મહિને ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૨૩

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલ, ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના નેતા કે. કવિતા અને ચનપ્રીત સિંહની જ્યુડિશિયલ કસ્ટડી ૭ મે સુધી લંબાવી હતી. દિલ્હી લિકર પોલિસી કેસમાં ત્રણેયની કસ્ટડી ૧૪ દિવસ માટે લંબાવવામાં આવી છે.

આ રીતે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ હાલ તિહાડ જેલમાં જ રહેવાના છે. કવિતાને પણ તિહાડ જેલમાં રાખવામાં આવ્યા છે. રાઉસ એવન્યુ કોર્ટે CBI કેસમાં કવિતાની જ્યુડિશિયલ કસ્ટડી વધારી દીધી છે, જે દિલ્હી લિકર પોલિસી સાથે સંબંધિત છે. કેજરીવાલ, કવિતા અને ચનપ્રીતને વીડિયો કોન્ફરન્સ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અરવિંદ કેજરીવાલની ગયા મહિને ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. એ જ રીતે કેજરીવાલની ધરપકડના લગભગ એક અઠવાડિયા પહેલા ઈઢએ કવિતાની હૈદરાબાદથી ૧૫ માર્ચે ધરપકડ કરી હતી. ચનપ્રીતની ૧૫ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી.

જ્યુડિશિયલ કસ્ટડી વધારવાનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે કોર્ટે આમ આદમી પાર્ટીના વડાની એક અરજીને ફગાવી દીધી હતી.

આમાં કેજરીવાલે માંગ કરી હતી કે તેમને તેમની પત્ની સુનીતા કેજરીવાલની હાજરીમાં દરરોજ ૧૫ મિનિટ માટે તેમના ડૉક્ટરો સાથે તબીબી સલાહ લેવાની મંજૂરી આપવામાં આવે. જો કે, કોર્ટે નિર્દેશ આપ્યો કે કેજરીવાલને જરૂરી તબીબી સારવાર આપવામાં આવે.કોર્ટે એમ પણ કહ્યું હતું કે તિહાડ જેલ સત્તાવાળાઓ એઈમ્સના નિર્દેશક દ્વારા રચાયેલ મેડિકલ બોર્ડની નિમણૂક કરશે,

જેમાં એન્ડોક્રિનોલોજિસ્ટ અને ડાયાબિટોલોજિસ્ટનો સમાવેશ થશે. બોર્ડ નક્કી કરશે કે કેજરીવાલના લોહીમાં ગ્લુકોઝના સ્તરને નિયંત્રિત કરવા માટે ઈન્સ્યુલિનની જરૂર છે કે નહીં. આ ઉપરાંત બોર્ડ તેમના સ્વાસ્થ્યને લગતા અન્ય પાસાઓ પર પણ ધ્યાન આપશે.

અરવિંદ કેજરીવાલનું બ્લડ સુગર વધી જતાં તેમને ઈન્સ્યુલિન આપવામાં આવ્યું હતું. તિહાડના એક અધિકારીએ મંગળવારે (૨૩ એપ્રિલ) જણાવ્યું હતું કે AIIMSના ડૉક્ટરોની સલાહ પર કેજરીવાલને સોમવારે સાંજે ઓછી માત્રામાં ઈન્સ્યુલિનના બે યુનિટ આપવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે દિલ્હીના સીએમની બ્લડ સુગર વધીને ૨૧૭ થઈ ગયું હતું ત્યારબાદ તેમની સંભાળ લઈ રહેલા ડોક્ટરોએ ઈન્સ્યુલિન આપવાનો નિર્ણય કર્યો હતો.

### દેશમાં કુલ સાત તબક્કામાં ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યુ

# ગુજરાતમાં ૧૩,૬૦૦થી વધુ બૂથ છે સંવેદનશીલ, જ્યાં ગોઠવાશે ચુસ્ત બંદોબસ્ત

## મતદાન કરવાથી કોઈ બાકી રહીના જાય તે માટે ચૂંટણી પંચે નાની બાબતોનું પણ ખાસ દયાન રાખ્યુ છે

ગાંધીનગર, તા.૨૩

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. જ્યારે દેશમાં કુલ સાત તબક્કામાં ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યુ છે.જેમાંથી પ્રથમ તબક્કાનું મતદાન થઈ ચૂક્યુ છે. મતદાન કરવાથી કોઈ બાકી રહીના જાય તે માટે ચૂંટણી પંચે નાની બાબતોનું પણ ખાસ ધ્યાન રાખ્યુ છે.ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન ૭ મે ના રોજ થશે. જેના પગલે ગુજરાતમાં ૫૦,૭૮૭ બૂથ તૈયાર કરવામાં આવ્યા છે જે પૈકી ૧૩,૬૦૦થી વધુ સંવેદનશીલ બૂથ તૈયાર કરવામાં આવ્યા છે.સંવેદનશીલ બૂથો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ૨૭ ટકા સંવેદનશીલ બૂથ પર ૪ SRP જવાનો હાજર રહેશે. SRPની કુલ ૧૧૨ પૈકી ૧૦ કંપનીના સશસ્ત્ર જવાનોને મતદાન મથકની સુરક્ષાનો હવાલો આપવામાં આવ્યો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં ૨૦૨૪માં ૪૫૦ ક્રિટિકલ મથકો ઘટ્યા છે.

### ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન ૭ મેના રોજ થશે

# ગુજરાતમાં વડાપ્રધાન મોદી-અમિત શાહ ગજવશે જાહેર સભા

## પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ ૨૭ એપ્રિલથી ૩ મે સુધી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે

નવી દિલ્હી, તા.૨૩

રાજ્યમાં ૭ મેના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે, ત્યારે એ પહેલા ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતું દેખાઈ રહ્યું છે. આગામી દિવસોમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. ત્યારે વડપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે. સુરતની એક બેઠકને બિનહરીફ જીત્યા બાદ ભાજપ ગુજરાતની બાકીની ૨૫ બેઠકો ઉપર મતદાન પહેલા પ્રચાર શરુ કરવાનું છે. ભાજપ તરફથી ચૂંટણી પ્રચાર માટે વડાપ્રદાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવી રહ્યા છે અને અહીં જનસભાઓ ગજવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહની ગુજરાતમાં ચૂંટણી પ્રચારની તારીખો સામે આવી ગઈ છે. પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ ૨૭ એપ્રિલથી ૩ મે સુધી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧ મે ગુજરાત સ્થાપના દિવસે ચૂંટણી પ્રચાર કરવા પહોંચશે અને જૂનાગઢમાં જનસભાને સંબોધિત કરશે. જયારે PM મોદી વડોદરામાં રોડ-શો કરવાના છે. આ સિવાય PM મોદી બનાસકાંઠા, સાબરકાંઠામાં ચૂંટણી પ્રચાર કરશે. ૨૭થી ૨૯ એપ્રિલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સભાઓ ગુજરાતમાં સભાઓને સંબોધશે. જયારે એવું જાણવા મળ્યું છે કે ગૃહ મંત્રી અમિત શાહ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં સભાને સંબોધિત કરશે.

### અગાઉનો ભૂકંપ ૫.૫ની તીવ્રતાનો હતો

# તાઈવાનના હુઆલીન શહેર નજીક ૬.૦ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો

**ભૂકંપના આંચકાઓ મોટા પ્રમાણમાં ગ્રામીણ પૂર્વીય કાઉન્ટી હુઆલીન પર કેન્દ્રિત હતા, જ્યાં ૩ એપ્રિલે ૭.૨ તીવ્રતાના ભૂકંપ બાદ ઓછામાં ઓછા ૧૪ લોકો મૃત્યુ પામ્યા હતા**

નવી દિલ્હી, તા.૨૩

તાઈવાનના હુઆલીન શહેર પાસે ૬.૦ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો છે. મળતી માહિતી મુજબ આ પહેલા પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સેન્ટ્રલ વેધર એડમિનિસ્ટ્રેશને જણાવ્યું કે સૌથી મજબૂત ભૂકંપ પૂર્વ હુઆલીનમાં આવ્યો હતો, જેની તીવ્રતા ૬.૩ હતી. CWA અનુસાર, પહેલો ભૂકંપ ૫.૫ તીવ્રતાનો હતો, રાજધાની તાઈપેઈમાં તેનો અનુભવ થયો હતો. તાઈવાનમાં ઘણી વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં મંગળવારે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ એક પછી એક બે જોરદાર આંચકા અનુભવાયા હતા. તાઈપેઈના ડેન જિલ્લામાં રહેતા એક પ્રવાસી ઓલિવિયર બોનિફેસિયોએ જણાવ્યું કે હું મારા હાથ ધોઈ રહ્યો હતો અને અચાનક મને ચક્કર આવવા લાગ્યા. તેણે કહ્યું, "હું મારા રૂમમાં ગયો અને જોયું કે ઈમારત હલી રહી હતી.દેશના હવામાન વહીવટીતંત્રે જણાવ્યું હતું કે સોમવાર રાતથી મંગળવાર (૨૩ એપ્રિલ) ની સવાર સુધી તાઈવાનના પૂર્વ કિનારે ૮૦ થી વધુ ભૂકંપ આવ્યા હતા. તેમાંથી ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ સૌથી વધુ મજબૂત હતો. ભૂકંપ બાદ રાજધાની તાઈપેઈમાં પણ ઈમારતોમાં આંચકા અનુભવાયા હતા.ભૂકંપના આંચકાઓ મોટા પ્રમાણમાં ગ્રામીણ પૂર્વીય કાઉન્ટી હુઆલીન પર કેન્દ્રિત હતા, જ્યાં ૩ એપ્રિલે ૭.૨ તીવ્રતાના ભૂકંપ બાદ ઓછામાં ઓછા ૧૪ લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારથી, તાઈવાનને સેંકડો આંચકાઓ સહન કર્યા છે.અગાઉ, ૩ એપ્રિલે આવેલા ૭.૪ તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર હુઆલીન હતું, જેના કારણે ભૂસ્ખલન થયું હતું. આ પછી, પર્વતીય વિસ્તારની આસપાસના રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા અને મુખ્ય શહેર હુઆલીનની ઈમારતોને ખરાબ રીતે નુકસાન થયું હતું.તેને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે આપણે પૃથ્વીની રચનાને સમજવી પડશે. પૃથ્વી ટેકટોનિક પ્લેટો પર સ્થિત છે. તેની નીચે પ્રવાહી લાવા છે અને તેના પર ટેક્ટોનિક પ્લેટો તરે છે. ઘણી વખત આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે. વારંવાર અથડામણને કારણે, કેટલીકવાર પ્લેટોના ખૂણાઓ વળે છે અને જ્યારે ખૂબ દબાણ હોય છે, ત્યારે આ પ્લેટો તૂટવા લાગે છે. આવી સ્થિતિમાં, નીચેથી આવતી ઊર્જા બહાર નીકળવાનો માર્ગ શોધે છે. જ્યારે આ વિક્ષેપ બનાવે છે, ત્યારે ધરતીકંપ થાય છે.સિસ્મોલોજિસ્ટ ડૉ. રોહતાશના જણાવ્યા અનુસાર, 'ભારતીય પ્લેટ યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ રહી છે. જેના કારણે સ્ટ્રેસ લેવલ વિકસે છે. મર્યાદા પછી અપૂર્ણાંક વધે છે. જેના કારણે ભૂકંપ આવે છે. બે પ્લેટની અથડામણને કારણે આવી ઘટના બને છે. ઘણા લોકો ધરતીકંપની આગાહી કરવાનો દાવો કરે છે, પરંતુ તેની પાછળ કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિ નથી.ભૂકંપ રિક્ટર સ્કેલ પર માપવામાં આવે છે. રિક્ટર સ્કેલ એ ભૂકંપના તરંગોની તીવ્રતા માપવા માટેનું ગાણિતિક સ્કેલ છે, તેને રિક્ટર મેગ્નિટ્યુડ ટેસ્ટ સ્કેલ કહેવામાં આવે છે. રિક્ટર સ્કેલ પર, ધરતીકંપ તેના કેન્દ્ર એટલે કે એપીસેન્ટરથી ૧ થી ૯ સુધી માપવામાં આવે છે. આ સ્કેલ ધરતીકંપ દરમિયાન પૃથ્વીની અંદરથી મુક્ત થતી ઊર્જાના આધારે તીવ્રતાને માપે છે.

### રાજકોટમાં પરશોતમ રૂપાલાનું નિવેદન

# હનુમાનજીની કૃપાથી સુરતમાં કમળ આવી ગયું: રુપાલા

**સુરતના કલેક્ટરે જીતનું સર્ટિફિકેટ આપ્યું : ભાજપના અગ્રણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી**

સુરત, તા.૨૩

સુરતમાં છેલ્લા બે દિવસ સુધી ચાલેલા હાઈ વોલ્ટજ રાજકીય ડ્રામાનો ગઈકાલે અંત આવ્યો. સુરત લોકસભા બેઠક પર ભાજપનાં ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થતાં તમામ ભાજપના અગ્રણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. ત્યારે હવે આ અંગે રાજકોટ લોકસભા ઉમેદવાર પરશોતમ રૂપાલાએ પણ નિવેદન આપ્યું છે. પરશોતમ રૂપાલાએ કહ્યું કે સુરતમાં પ્રથમ કમળ ખીલ્યું છે, દેશભરમાં કમળનો ખીલવાનો પ્રવાહ અવિરત રહેશે. ગુજરાતમાં ૨૫માંથી ૨૫ બેઠકો પર કમળ ખીલશે.

સુરતમાં થયેલા રાજકીય ડ્રામાનાં અંત બાદ રાજકોટ બેઠકના ભાજપ ઉમેદવાર રૂપાલાએ આ અંગે નિવેદન આપ્યું છે. પરશોતમ રૂપાલાએ પહેલા હનુમાન જયંતિની શુભકામનાઓ પાઠવી. એ પછી તેમણે કહ્યું કે "હનુમાનજી મહારાજની કૃપાથી ભારતીય જનતા પક્ષની ઝોળીમાં સુરતનું એક કમળ આવી ગયું છે. જેની આપ સૌને શુભકામનાઓ. હનુમાન જયંતિની આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ. દેશભરમાંથી આ એક શુકન થયા છે, અને આ શુકનનો પ્રવાહ આખા દેશની અંદર આગળ વધશે."

જણાવી દઈએ કે ચૂંટણી વગર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ વિજયી બન્યા છે, ત્યારે ભાજપના ઉમેદવારને કલેકટરે જીતનું સર્ટિફિકેટ આપી દીધું છે. મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે મુકેશ દલાલને શુભેચ્છાઓ પાઠવી, તો બીજી તરફ ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે પત્રકાર પરિષદ યોજી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે કહ્યું કે, મુકેશ દલાલનો દેશના વિકાસમાં મોટો ફાળો રહેશે. ચૂંટણી પહેલા કોંગ્રેસે ડ્રામા કર્યો છે. તમામ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા મુકેશ દલાલ બિનહરીફ વિજેતા થયા છે.વહીવટી તંત્ર ઉપર દબાણ લાવવા કોંગ્રેસે પ્રયાસ કર્યો છે. આજે સત્ય બહાર આવ્યું છે. તેમણે ઉમેર્યું કે, ૪૦૦ પારના લક્ષ્યાંકમાં સુરત બેઠકની પહેલ છે.

ગુજરાતમાં ૨૫ બેઠકોમાંથી એક પર ભાજપનો વિજય થઈ ચુક્યો છે, ત્યારે ભાજપે સુરતમાં ઈતિહાસ રચી દીધો છે. કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થતાં સાત જેટલા ઉમેદવારો મેદાને હતા. જ્યારે જે તમામ અપક્ષ સહિતના ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ભાજપના ઉમેદવાર બિનહરિફ જાહેર કરવામાં આવ્યા.

### ભાજપે ઉમેદવારની ૧૪મી યાદી જાહેર કરી

# લોકસભા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોની કરી જાહેરાત

**લદ્દાખ બેઠક પર ભાજપની ગ્યાલસનના નામ પર મહોર : કોંગ્રેસે પટના સાહિબ બેઠક પર પૂર્વ સ્પીકર મીરા કુમારના દીકરા અંશુલ અભિજીતને મેદાનમાં ઉતાર્યા**

જમ્મુ, તા.૨૩

ભાજપે લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની જાહેરાત કરાઈ છે. આજે બંને પાર્ટીએ એક-એક ઉમેદવારના નામ જાહેર કર્યા છે. જેમાં લદાખના હાલના સાંસદ જમયાંગ સેરિંગ નામગ્યાલની ટિકિટ કાપી નાખી છે. મંગળવાર (૨૩ એપ્રિલ, ૨૦૨૪)એ પાર્ટી તરફથી આ બેઠક પર નવા ઉમેદવારના નામની જાહેરાત કરાઈ છે. ભાજપે ઉમેદવારની ૧૪મી યાદી જાહેર કરી છે. જેમાં ભાજપની CECએ આ બેઠક પર તાશી ગ્યાલસનના નામ પર મહોર લગાવી છે. પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને હેડક્વાર્ટર પ્રભારી અરૂણ સિંહ તરફથી અપાયેલા નિવેદનમાં આ માહિતી અપાઈ છે.

કારગિલ અને લેહ જિલ્લા સુધી ફેલાયેલા સંસદ ક્ષેત્રમાં લગભગ ત્રણ લાખ મતદાતાઓ છે. લદાખ બેઠક પર ઉમેદવારીની છેલ્લી તારીખ ૩ મે, ૨૦૨૪ છે. જ્યારે નામ પરત લેવાની છેલ્લી તારીખ ૬ મે છે. લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં ૨૦ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે.

કોંગ્રેસે પટના સાહિબ બેઠક પર પૂર્વ સ્પીકર મીરા કુમારના દીકરા અંશુલ અભિજીતને મેદાનમાં ઉતાર્યા છે. પાર્ટીએ આજે ૯મી બેઠક માટે ઉમેદવારની જાહેરાત કરી છે. તેમનો મુકાબલો ભાજપ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ સાથે છે. આ પહેલા ત્રણ બેઠક ભાગલપુરથી અજીત શર્મા, કટિહારથી તારિક અનવર અને કિશનગંજથી મો.જાવેદને ટિકિટ આપી હતી. તો સોમવારે પાંચ બેઠકો પર ઉમેદવારોની જાહેરાત કરાઈ હતી. અશુલ કુમારના નામની ચર્ચા પહેલાથી જ હતી.ગઠબંધનમાં કોંગ્રેસને મળેલી ૯ બેઠકોમાંથી ૩ બેઠકો પર સીનિયર લીડર અને મંત્રીના દીકરાને મોકો મળ્યો છે. જેમાં અંશુલ કુમાર સિવાય નીતીશ સરકારમાં મંત્રી મહેશ્વર હજારીના દીકરા સની હજારી અને પ્રદેશ અધ્યક્ષ અખિલેશ પ્રસાદ સિંહના પુત્ર આકાશ સિંહ સામેલ છે.

### પરીક્ષાના વહેલાં પરિણામ માટે કામગીરી આડે અવરોધ

# કોપી કેસમાં ચૂંટણી આચાર સંહિતાનું ગ્રહણ લાગ્યું, કામગીરી અટકી

**શિક્ષણ બોર્ડની પરીક્ષા વખતે ૪૨ જેટલા વિદ્યાર્થીઓ કોપી કરતા પકડાતા તેમની સામે કોપી કેસ કરાયો હતો**

અમદાવાદ, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા દરમિયાન અને ત્યારબાદ સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓના નિર્ણયનો મામલો ચૂંટણીના પગલે અટકી પડ્યો છે. આચાર સંહિતાને કારણે બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક થતી ન હોવાથી નિર્ણય લેવામાં વિલંબ થયો છે. એક બાજુ શિક્ષણ બોર્ડ વહેલું પરિણામ જાહેર કરવા યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે તો બીજી બાજુ પરીક્ષા સમિતિની બેઠક ન મળવાને કારણે કામગીરી અટકી છે. શિક્ષણ બોર્ડે રાજ્ય ચૂંટણી પંચમાં ૧૦ દિવસ પહેલા દરખાસ્ત કરી હતી, પરંતુ હજુ સુધી બોર્ડને જવાબ મળ્યો નથી. જેથી શિક્ષણ બોર્ડના સભ્ય ડો. પ્રિયવદન કોરાટે સત્ત્વરે નિર્ણય કરવા બોર્ડ સમક્ષ માગ કરી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ- ૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનું કામ યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે ખૂબ જ વહેલુ પરિણામ જાહેર કરવા માટેની તૈયારીઓ પણ કરાઈ છે. જોકે, બીજી બાજુ પરીક્ષા દરમિયાન થયેલા કોપી કેસ તેમજ પરીક્ષા બાદ સીસીટીવીના ફૂટેજની ચકાસણી દરમિયાન ધ્યાને આવેલા ગેરરીતિના કેસ અને ઉત્તરવહી મૂલ્યાંકન દરમિયાન ધ્યાને આવેલા સામૂહિક કોપી કેસના નિકાલ માટે પરીક્ષા સમિતિની બેઠકમાં હિયરીંગ કરી નિર્ણય લેવામાં આવતા હોય છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા સમિતિ બોલાવી ગુણદોષના આધારે નિર્ણય કરવા માટે ચૂંટણી આચાર સંહિતાને કારણે શિક્ષણ બોર્ડે ૧૦ દિવસ પહેલા ચૂંટણી પંચને મંજૂરી માટે દરખાસ્ત કરી છે, જેનો કોઈ પ્રત્યુત્તર શિક્ષણ બોર્ડને નહીં મળવાને કારણે પરીક્ષા ગેરરીતિનો મામલો અટક્યો છે. ઉલ્લેખનીય છે કે, દર વખતે અમુક નિર્દોષ વિદ્યાર્થીઓ નિર્દોષ છૂટતા હોય છે. તેનું પરિણામ જાહેર કરવામાં આવતું હોય છે. આવા નિર્દોષ વિદ્યાર્થીઓની કારકીર્દિનો પ્રશ્ન ઊભો થયો છે. આ વખતે પરીક્ષા સમિતિ ચૂંટણી આચાર સંહિતાને કારણે મળી શકી ન હોય આ મામલો ગુંચવાયો છે. શિક્ષણ બોર્ડની પરીક્ષા વખતે ૪૨ જેટલા વિદ્યાર્થીઓ કોપી કરતા પકડાતા તેમની સામે કોપી કેસ કરાયો હતો.

### એરપોર્ટ પર ફિંગરપ્રિન્ટથી મળ્યું ચોરીનું પગેરૂ

# દુનિયાની સૌથી મોટી ૬૦૦ સોનાની ઈંટોની ચોરી થઇ

**૬,૬૦૦ કિલોગ્રામ સોનાની કિંમત અંદાજે ૨૦ મિલીયન કેનેડિયન ડોલર એટલેકે અંદાજે ૧૨૨ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી**

નવીદિલ્હી, તા.૨૩

આ વિમાન જ્યુરિચ શહેરથી ટોરન્ટો જવા ઉપડ્યું હતું. આ વિમાન ખાસ એટલા માટે હતું કે તેમાં યાત્રીઓ નહી પણ ૪૦૦ કિલોગ્રામ સોનુ હતું. વિમાને ટોરેન્ટો લેન્ડ કર્યા બાદ સેનાથી ભરેલું કન્ટેઈનર એરપોર્ટ પર કાર્ગોમાં ગોડાઉનમાં રખાયું હતું. અને ત્યાં જ અપાયો કેનેડાના ઈતિહાસની સૌથી મોટી ચોરીને અંજામ. બાદમાં પોલીસે પ્રોજકેટ ૨૪ કેરેટ નામનું સૌથી મોટુ ઓપરેશન શરૂ કર્યું.સ્વિત્ઝરલેન્ડની રાજધાની જ્યુરિચથી ઉપડેલું એર કેનેડાનું એક કાર્ગો પ્લેન કેનેડાના ટોરન્ટો એરપોર્ટ પર લેન્ડ કરે છે. આ પ્લેનમાં સ્વિત્ઝરલેન્ડની જ એક મેટલ રિફાનિંગ કંપનીના ૬ હજાર ૬૦૦ કિલોગ્રામ સોનાની ઈંટો અને ૧.૯ મિલીયન કેનેડિયન ડોલરની કરન્સી ભરેલી હતી. જેને વેનકુવર બુલિયન એન્ડ કરન્સી એક્સચેન્જ સુધી પહોંચાડવાનું હતું. ૬,૬૦૦ કિલોગ્રામ સોનાની કિંમત અંદાજે ૨૦ મિલીયન કેનેડિયન ડોલર એટલેકે અંદાજે ૧૨૨ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. જો તેમાં કેન્ડિયન કરન્સીને પણ જોડવામાં આવે તો આખુ કન્સાઈન્મેન્ટ અંદાજે ૧૩૨ કરોડનું થવા જાય છે. સ્વાભાવિક છે તેની સુરક્ષા પણ તેટલી જ જરૂરી છે.૧૭ એપ્રિલ ૨૦૨૩ની સાંજે ૬.૩૨ વાગ્યે સફેદ રંગનું એક બોક્સ ટ્રેક એર કેનેડાના વેરહાઉસ એટલેકે ગોડાઉનમાં પહોંચે છે. જ્યાં એર કેનેડાના આ કાર્ગો પ્લેનમાંથી આ કિંમતી શીપમેન્ટ રખાયું હતું. ટ્રક ડ્રાઈવર પાસે એક એર-વે બિલ મોજુદ છે જેમાં જ્યુરિચથી આવેલા આ શીપમેન્ટની માહિતીનો ઉલ્લેખ હતો. વેરહાઉસમાં હાજર લોકોને તે પોતાનું બિલ આપે છે અને કહે ચે કે જ્યુરિચથી આવેલા આ શીપમેન્ટમાં દુનિયાના બહેતરીન કક્ષાનું સી-ફૂડ એટલેકે ફાઈનેસ્ટ એટલાન્ટિક સોલોમન માછલીઓ ભરેલી છે, જેને આગળ ડિલીવરી કરવાની છે.વેરહાઉસમાં હાજરકર્મચારીઓને શીપમેન્ટમાં શું સામાન છે તેની કંઈ જ માહિતી ન હતી. તે ડ્રાઈવર પાસેના એર-વે બિલ સાથે બાકીના દસ્તાવેજો મેળવી જુએ છે અને જ્યુરિચથી આવેલા શીપમેન્ટને ડ્રાઈવરના હવાલે કરી દે છે. મતલબ જ્યુરિચથી આવેલું સોનાની ઈંટો અને કરન્સી વાળું શીપમેન્ટ માછલી સમજીને ટ્રકમાં લોડ કરી દેવાય છે. થોડી જ વારમાં ટ્રક વેરહાઉસથી નીકળીને તમામ ચેકનાકા ક્રોસ કરીને બહારની દુનિયામાં ગૂમ થઈ જાય છે.આ સ્ટોરીમાં અસલી ટ્વિટ ત્યારે આવે છે જ્યારે જ્યુરિચથી મોકલાયેલું સીપમેન્ટને રિસીવ કરવા માટે બ્રિંક સિક્યુરિટી નામની એક કંપનીની ટ્રક એક કેનાડાના તે જ વેર હાઉસમાં પહોંચે છે. કારણકે આ શીપમેન્ટમાં અત્યંત કિંમતી સોનાની ઈંટો અને કરન્સીને સુરક્ષા સાથે વેનકુંવરના બુલિયન એન્ડ કરન્સી એક્સચેન્જ સુધી પહોંચાડવાનું હતું. પરંતુ વેરહાઉસમાં તમામ કર્મચારીઓને ત્યારે ઝટકો લાગ્યો જ્યારે તેમને વેરહાઉસમાંથી આ શીપમેન્ટ શોધવા છતા મળતું ન હતું. આ કોઈ મામુલી વાત ન હતી. શીપમેન્ટમાં ૧૩૨ કરોડની માલમતા ભરેલી હતી અને તે ગૂમ હતું.જોતજોતામાં વેરહાઉસથી લઈને એર કેનેડાની ઓફિસોમાં ધમાલ મચી જાય છે. થોડીવાર સુધી વેરહાઉસમાં કામ કરતા અધિકારીઓ અને કર્મચારીઓને એ સમજમાં નથી આવતું કે આવું થયું કેવી રીતે. જોકે તેમને જલ્દીથી અહેસાસ થી ગયો કે તેમની સાથે સેફેદ બોક્સના તે ડ્રાઈવરે આ ખેલ પાડી દીધો છે. તે શી-પૂડ કહીને અંદાજે ૩ કલાક પહેલા જ્યુરિચથી આવેલા શીપમેન્ટને લૂંટીને ભાગી ગયો હતો.તેના માટે તેણે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો. તપાસમાં આ મામલો કેનેડામાં અત્યાર સુધીમાં થયેલી દુનિયાની છઠ્ઠી સૌથી મોટી ચોરીનો છેબાદમાં કેનેડા પોલીસ આ કેસની તપાસ શરૂ કરે છે.પોલીસ આરોપીને પકડવા એક ઓપરેશન શરૂ કરે છે જેનું નામ પ્રોજેક્ટ ૨૪ કેરેટ નામ અપાય છે. સૌથી પહેલા પોલીસ વેરહાઉસથી આગળ જતા રસ્તાના સીસીટીવી ચેક કરે છે. પરંતુ આ કામ સરળ ન હતું. કારણકે હાઈવે પર ફોકસ્ડ સીસીટીવી કેમેરાની સંખ્યા વધારે ન હતી. જે મકાનો કે દુકાનોમાં હાઈવે તરફ સીસીટીવી કેમેકા લાગ્યા હતા તેમાં સફેદ ટ્રકની ફક્ત એકઝલક માત્ર દેખાય છે.તેમછતા પોલીસ તપાસ આગળ વધારે છે. ખાસ કરીને જ્યાં જ્યાં હાઈવેથી બીજા રસ્તા જોડાતા હતા ત્યાં પોલીસનું કામ મુસ્કેલ બની જતું હતું. કારણકે આવા દરેક ઈન્ટસેક્શન પર પોલીસને એ જોવું પડે છે કે ટ્રક ક્યાંક હાઈવે પરથી ઉતરીને કોઈ બીજે રસ્તે ગાયબ તો નથી થી ગયો ને. અંતે એવું જ થયું હતું. અંદાજે ૨૦ કિમી. સુંધી સફેદ બોક્સ ટ્રકનો સીસીટીવી દ્વારા પીછો કરવામાં સફળ થયા બાદ એક ઈન્યરસેક્શનથી આ ટ્રક કેમેરાની નજરમાંથી ગાયબ થઈ જાય છે.બીજીતરફ તપાસમાં કેનેડા પોલીસને એ જાણવા મળે છે કે આ કેસમાં ભારતીય મૂળનો એર કેનેડાનો એક પૂર્વ મેનેજર સામેલ છે. જે આ ચોરી બાદ પોતાના અધિકારીઓને વેરહાઉસમાં અંદર લઈને ગયો હતો. પોલીસને જાણવા મળે છે કે આ ચોરીના થોડા સમય બાદ પોતાના કામતી જીનામુ આપીને તે દુબઈ થઈને ભારત પરત પહોંચી ગયો છે. તેની ઓળખ ૩૧ વર્ષીય સિમરનપ્રીત પનેસર તરીકેની થઈ છે. પોલીસને ધીમે ધીમે ચોરીમાં સામેલ અન્ય શખ્સો અંગે પણ માહિતી મળવા લાગે છે.જોકે આ કેસમાં અસલી બ્રેક-થ્રુ ૨ સપ્ટેમ્બર ૨૦૨૩માં ત્યારે આવે છે જ્યારે અમેરિકાના પેન્સિલવેનિયામાં પોલીસ એક ૨૫ વર્ષીય યુવકને એક સામાન્ય ટ્રાફિક નિયમના ઉલ્લંઘનમાં પુચપરછ માટે અટકાવે છે. જ્યારે પોલીસ પ્રેકલીન કાઉન્ટી પાસે અટકાવેલા આ ટ્રક ડ્રાઈવરની પુછપરછ કરીને તેની ગાડીની તલાશી લે છે ત્યારે પોલીસ ચોંકી ઉઠે છે. જ્યારે તેની ભાડાની કારમાંથી પોલીસને અલગ અલગ પ્રકારની ૬૫ બંદૂકો મળે છે. જેમાં બે ઓટોમેટિક હેન્ડગન પણ મળે ચે. જેને મોડીફાય કરીને મશીનગનનું રૂપ અપાયું હતું. શસ્ત્રોની તસ્કરીનો આ સનસનાટી ભર્યો મામલો હતો. જેનો ખુલાસો ટ્રાફિકના નિયમનું ઉલ્લંઘન કરતા અચાનક થી ગયો હતો. આ શખ્સ અમેરિકા અને કેનેડા દરમિયાન શસ્ત્રોની તસ્કરીના રેકેડ સાથે સંકળાયેલો હતો. ૨૫ વર્ષના આ યુવકની અસલી ઓળખ બહાર આવી ત્યારે પોલીસ ચોંકી ઉઠી હતી. આ શખ્સ બીજો કોઈ નહી પણ કેનેડા વેરહાઉસમાંથી ૧૩૨ કરોડના સોના અને કેનેડિયન ડોલર ચોરીને લઈ જનારો સફેડ રંગની ટ્રકનો ડ્રાઈવર હતો. જેને બનાવ બાદ કેનેડા અને અમેરિકાની પોલીસ શોધી રહી હતી. અમેરિકન પોલીસે પોતાના ક્રિમીનલ ડેટાબેસમાં તેનો રેકોર્ડ ચેક કર્યો તો તેની ઓળક સ્પષ્ટ થઈ ગઈ હતી.જ્યારે તે વેરહાઉસના કર્મચારીઓને એર-વે બિલ આપતો હતો ત્યારે તેના એક હાથનો ગ્લોવ્ઝ ઉતારી દીધ હતો. જેનાથી વેરહાઊસના દસ્તાવેજ માં તેની આંગળીઓની છાપ રહી ગઈ હતી. પોલીસે તેની ધરપકડ બાદ ફિંગરપ્રિન્ટ મેળવી જોઈ ત્યારે તે સરળતાથી મેટ થઈ ગઈ હતી.આરોપીની ઓળખ ડુરાંટે મેકલેન તરીકેની થઈ છે. તે કેનેડાના બ્રેમ્પ્ટનનો રહેવાસી છે. ચોરીના આ પૈસાથી તેણે તસ્કરી માટે શસ્ત્રોની પણ વ્યવસ્થ કરી હતી. આ હથિયાર તે તસ્કરી દ્વારા અમેરિકાથી કેનેડા લઈ જવાનો હતો. ચોરી અને તસ્કરીના આ ડબલ કેસમાં ડુંરાટે સાથે ભારતીય મૂળનો એક શખ્સ પ્રસાદ પરમાલિંગમ પણ સામેલ હતો. જેને પોલીસે ચોરીની સાથે સાથે આર્મ્સ સ્મગ્લિંગના કેસમાં પણ સામેલ કર્યો છે.પલીસે આ કેસમાં અત્યારસુધીમાં ૭ જણાની ધરપકડ કરી છે. છમાંથી બે આરોપી ભારતીય મૂળના છે. જેમાં એક ૪૦ વર્ષીય અમિત જલોટા અને ૫૪ વર્ષીય પરમાન સિધ્ધુનો સમાવેશ થાય છે. તપાસ અધિકારીઓનનું માનવું છે કે એર કેનેડાના કર્મચારીઓની મિલીભગત વિના આટલી મોટી ઘટનાને અંજામ આપવો શક્ય નથી. અન્ય આરોપીઓમાં એક જ્વેલરી સ્ટોરના માલિક અલી રઝા તેના સાથી અમ્માદ ચૌધરી અને પ્રસાદ પરમાલિંગમનો સમાવેશ થાય છે.પોલીસના જમાવ્યા મુજબ આરોપીઓ મોટાભાગની સોનાની ઈંટો પીગળાવી દીધી હતી. તેમાંથી બનેલા ફક્ત ૭ બ્રેસલેટ પોલીસને મળ્યા છે.તપાસમાં આરોપીઓએ નેટફ્લિક્સની મશહૂર સિરીઝ મની હાઈસ્ટ જોઈને આ ચોરીને અંજામ આપ્યો હોવાનું જણાવ્યું હતું.

### દાઉદી બ્હોરા સમુદાયમાં સૈયદના સૈફુદ્દીનની તરફેણમાં બોમ્બે હાઈકોર્ટનો ચુકાદા

# સૈયદના સૈફુદ્દીનની પોઝિશન યથાવત જળવાઈ રહેશે

**બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો ઐતિહાસિક છે અને સમુદાય માટે આ એક નિર્ણાયક ઘડી છે**

મુંબઈ, તા.૨૩

દાઉદી બ્હોરા સમુદાયમાં છેલ્લા એક દાયકાથી વારસાઈનો વિવાદ ચાલે છે જેમાં હવે બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો આવી ગયો છે. દાઉદી બ્હોરા સમુદાયમાં અસલી ધર્મગુરુ કોણ તે વિવાદમાં હાઈકોર્ટે જણાવ્યું છે કે આ સમુદાયમાં નેતૃત્વમાં કોઈ ફેરફાર થયો નથી. તેથી સૈયદના સૈફુદ્દીન જ ટોચના ધર્મગુરુ ગણાશે. સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનની ધર્મગુરુ તરીકેની પોઝિશનને તેમના ભત્રીજા તાહેર ફખરુદ્દીન દ્વારા ચેલેન્જ કરવામાં આવી હતી, પરંતુ હાઈકોર્ટે આ દલીલ કાઢી નાખી છે.

સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન એ દાઉદી બ્હોરા સમુદાયમાં ૫૩મા ધર્મગુરુ છે જેમની પોઝિશનને તેમના ભત્રીજા તાહેર ફખરુદ્દીન દ્વારા પડકારવામાં આવી હતી, પરંતુ તેમનો દાવો ફગાવી દેવામાં આવ્યો છે. આ અંગે બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ ગૌતમ પટેલે કહ્યું કે મારે કોઈ ઉથલપાથલ નથી જોઈતી. મેં આ ચુકાદો શક્ય એટલો તટસ્થ રાખ્યો છે. મેં શ્રદ્ધા નહીં પરંતુ પૂરાવાના આધારે નિર્ણય લીધો છે.

આ વિશે દાઉદી બ્હોરા સમુદાયનું કહેવું છે કે બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો ઐતિહાસિક છે અને સમુદાય માટે આ એક નિર્ણાયક ઘડી છે. દાઉદી બ્હોરા સમુદાયના પ્રવક્તાએ જણાવ્યું કે દાઉદી બ્હોરા સમુદાયની ધાર્મિક માન્યતાઓ અને હકીકતોનું ખોટી રીતે અર્થઘટન કરવાનો કેટલાક લોકોએ પ્રયાસ કર્યો હતો. કોર્ટના ચુકાદાએ આ બધી ગેરમાર્ગે દોરતી વાતોને ફગાવી દીધી છે. અમને દેશના ન્યાયતંત્રમાં હંમેશાથી વિશ્વાસ રહ્યો છે અને તેના પર ભરોસો મૂક્યો છે. ન્યાયતંત્રે સૈયદનાની પોઝિશન અને દાઉદી બ્હોરા સમુદાયની જૂની માન્યતાઓ, રિવાજો, પરંપરાઓ અને સિદ્ધાંતોને હંમેશા માન્ય રાખ્યા છે.

આ વિવાદ મુંબઈમાં શિયા મુસ્લિમ સમુદાયમાં ટોચના ધર્મગુરુ કોને ગણવા તેને લગતો છે. તેમાં આધ્યાત્મિક ગુરુ એટલે કે દાઈ અલ મુત્લક બનવા માટે બે વ્યક્તિઓએ દાવો કર્યો હતો. જાન્યુઆરી ૨૦૧૪માં ૫૨મા દાઈ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીનનું અવસાન થયું ત્યાર પછી કાકા અને ભત્રીજા વચ્ચે આ પદ માટે કાનૂની લડાઈ થઈ હતી. દાઈના મૃત્યુ પછી તેમના ભાઈ સૈયદના ખુઝાઈમા કુતુબુદ્દીને સ્વર્ગીય સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીનના પુત્ર સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનને વારસા અંગે ચર્ચા કરવા માટે આમંત્રિત કર્યા હતા. જોકે, સૈયદના મુફદ્દલ સૈફુદ્દીને તેનો પ્રતિભાવ આપ્યો ન હતો અને પોતાને દાઉદી બ્હોરા સમુદાયના ૫૩મા દાઈ તરીકે જાહેર કર્યા હતા જેના કારણે એક દાયકાથી કાનૂની લડાઈ ચાલતી હતી.

ત્યાર બાદ ખુઝાઈમા કુતબુદ્દીન એપ્રિલ ૨૦૧૪માં હાઈકોર્ટમાં ગયા અને સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન દ્વારા ૧૯૬૫માં થયેલી એક ગુપ્ત પ્રક્રિયાના આધારે પોતાને સમુદાયના વડા જાહેર કરવા માગણી કરી હતી.

તેમણે કહ્યું કે તેમના ભાઈ એટલે કે ૫૨મા દાઈએ તેમને આ વાત ગુપ્ત રાખવા કહી હતી અને પછી સૈયદના બુરહાનુદ્દીન દ્વારા તેમને શપથ એટલે કે મિસાક લેવડાવવામાં આવ્યા હતા, જેમણે કુતુબુદ્દીનને ટોચના ધર્મગુરુ જાહેર કર્યા અને સમાન રેક પણ આપી હતી.જોકે, આ કેસ ચાલતો હતો તે દરમિયાન જ કુતબુદ્દીનનું અવસાન થયું હતું. ત્યાર પછી તેમના પુત્ર સૈયદના તાહેર ફખરુદ્દીને બોમ્બે હાઈકોર્ટમાં એક એપ્લિકેશન દાખલ કરી અને પોતાના પિતાની જગ્યાએ પોતાનો દાવો કર્યો હતો. ફખરુદ્દીને દાવો કર્યો હતો કે તેમના પિતા દ્વારા તેમને હોદ્દો આપવામાં આવ્યો હતો અને તેમણે પોતે ૫૪મા દાઈ હોવાનો દાવો કર્યો હતો. તેની સામે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનની દલીલ હતી કે ૧૯૬૫માં જે નાસ કરવામાં આવ્યું તેના કોઈ સાક્ષી નથી તેથી તેને સ્વીકારી શકાય નહીં. સૈફુદ્દીનના વકીલોએ પણ એવી દલીલ કરી હતી કે દાઉદી બ્હોરા સમુદાયના રિવાજ પ્રમાણે નાસ બદલી શકાય છે. તેમણે આ અંગે ભૂતકાળના પૂરાવા પણ આપ્યા હતા.

### હાલ કોંગ્રેસ ચારોખાને ચિત્ત થઈ ગયા જેવી સ્થિતિ

# ગુજરાત કોંગ્રેસની સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

**કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સ્ટાર પ્રચારક પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો પણ સમાવેશ કેસી વેણુગોપાલ, મુકુલ વાસનિક, અશોક ગેહલોતનું નામ સામેલ**

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં હાલ કોંગ્રેસ ચારો ખાને ચિત્ત થઈ ગયા જેવી સ્થિતિ છે. માંડ માંડ ભેગા કરીને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો ઉભા કર્યા, ત્યારે ભાજપ ઉમેદવારોને જ નિશાન બનાવી રહ્યું છે. ચૂંટણી પહેલા કોંગ્રેસે સુરત લોકસભા સીટ ગુમાવી છે. છતાં કોંગ્રેસ હારી નથી. કોંગ્રેસે ગુજરાતમાં સ્ટાર પ્રચારકોનું લિસ્ટ જાહેર કર્યુ છે. ગુજરાતમાં લોકસભા અને વિધાનસભા પેટા ચૂંટણી માટે કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. ત્યારે ગુજરતમાં કોંગ્રેસના કયા કયા નેતાઓ ચૂંટણી પ્રચાર કરશે તે જોઈ લો.લોકસભાની ચુંટણી અને વિધાનસભાની પેટા ચુટંણી માટે કોગ્રેસના સ્ટાર પ્રચારકનું લિસ્ટ જાહેર કર્યુ છે. કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદીને ચુટંણી પંચની મહોર લાગી છે. ગુજરાતના સ્ટાર પ્રચારોમાં નેશનલ કોંગ્રેસના નેતાઓ સામેલ છે. જેમાં એઆઈસીસી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સ્ટાર પ્રચારક છે. તો પુર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મહામંત્રી પ્રિયંકા ગાંધી પણ સ્ટાર પ્રચારક બન્યા છે. કેસી વેણુગોપાલ , મુકુલ વાસનીક અશોક ગહેલોતનો પણ લિસ્ટમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત રણદિપ સુરજેવાલ, સચિન પાયલટ, ઉષા નાયડુ, રામકિશન ઓઝા સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ છે.ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ છે. આ ઉપરાંત જગદીશ ઠાકોર, સિધ્ધાર્થ પટેલ, ભરત સોલંકી, દિપક બાબરીયા, મધુસુદન મિસ્ત્રી, અમીબેન યાજ્ઞિકનો સમાવેશ કરાયો છે. ઉપરાંત શૈલેષ પરમાર,લલિત કગથરા, ઈન્દ્રવિજય સિંહ ગોહિલ, જિગ્નેશ મેવાણી, કાદીર પીરજાદા, ગૌરવ પંડ્યા, પરેશ ધાનાણી, સુખરામ રાઠવા, મુમતાઝ પટેલ, લાલજી દેસાઈ, બીવી શ્રીનિવાસ, અલકા લાંબા, ઈમરાન પ્રતાપ ગઢી, વિમલ ચુડાસમા, દિનેશ ઠાકોર , ચંદ્રીકા ચુડાસમા, પુંજા ભાઈ વંશ ,ગ્યાસુદ્દીન શેખ, ઈન્દ્રનિલ રાજ્ય ગુરૂ, રઘુ ભાઈ દેસાઈ અને નિશિથ વ્યાસ કોંગ્રેસના સ્ટાર પ્રચારક બનાવાયા છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે અમરેલી ઉપઝોન ગાયત્રી પરિવારની બેઠક યોજાઈ



ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે અમરેલી, બોટાદ અને ભાવનગર ત્રણ જીલ્લાની ઉપઝોનની મીટીંગ યોજાઈ હતી. જેમાં સર્વપ્રથમ સંસ્થાના વડા રતિદાદા, પ્રફુલભાઈ સેંજળીયા, ગોવિંદભાઈ ગોંડીલયા, અતુલભાઈ પંડયા, ભરતભાઈ ત્રિવેદી, હરિશંકરભાઈ પંડયા, ભટ્ટ સાહેબ (ટી.ડી.ઓ.) બીપીનભાઈ ભરાડ, બાબભાઈ રાજયગુરૂ, મેહુલભાઈ પટેલ સહીત મહાનુભાવોના વરદ હસ્તે દીપ્રપાગટય થી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ અમરેલી, બોટાદ એન ભવાનગર ત્રણ જીલ્લાના પ્રમુખ ભારત ભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા આવનારા ગાયત્રી પરિવારનું મોટું આયોજન જયોતિ કળશયાત્રા આવી રહી છે. તેના આયોજન માટે ચર્ચા વિચારણા કરી હતી. ત્યારબાદ ભાવનગર જીલ્લાનો વાર્ષિક અહેવાલ દીનેશભાઈ ત્રિવેદી એ આપ્યો હતો અને બોટાદ જીલ્લાનો વાર્ષિક અહેવાલ મેહલભાઈ પટેલ એ આપ્યો હતો, અમરેલી જિલ્લાનો વાર્ષિક અહેવાલ અતુલભાઈ પંડયાએ આપ્યો હતો. સાથે સાથે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા તેમજ ત્રણેય જિલ્લાઓનું સંગઠન વધુ મજબુત માટે વિશેષ ચર્ચા થઈ હતી. ચલાલા ગાયત્રી સંસ્કાર ધામના વડા રતિદાદા ને ડોકટર (પી.એચ.ડી.)ની પદવી મળતા ત્રણેય જીલ્લાના વરિષ્ઠ પરિજનો એ સન્માન કર્યુ હતું. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તેમજ સ્કાઉટ ગાઈડ સન્માનિત શીતલબેન મહેતાએ કરી હતી તેમજ કાર્યક્રમ ને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી. અને મીટીંગ બાદ ત્રણેય જીલ્લાના પ્રતિનિધિઓ સાથે ભોજન પ્રસાદ લીધો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારનો મુદ્દો

થી ૨૫ હજાર જેવો થાય છે જેની સામે આવકમાં કોઈ વધારો થતો નથી. દેશનાં ૧૦૦ કરોડ વ્યકિતઓનાં લગભગ ૨૦ કરોડ પરિવારની માસિક આવક રૂપિયા ૨૫ હજારથી નીચે જોવા મળી રહી છે.

બીજી તરફ સરકારી અધિકારીઓ, પદાધિકારીઓ અને ૧૦ થી ૨૦ ટકા અમીરો અને ઉચ્ચ મધ્યમવર્ગીય પરિવારોની આવકમાં સતત વધારો થતો જોવા મળે છે.

દેશવાસીઓ નોટબંધી બાદ કોરોનામાં ભોગવેલ પિડાને ભૂલી શકયા નથી. બેરોજગારીનાં લીધે યુવાનોનાં વ્યવાહરીક કામો અટકી પડયા હોય તેવું ચિત્ર સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

સીએસડીએસનાં સર્વે મુજબ હિન્દુત્વ અને રામ મંદિરને ૧૦ ટકા મતદારો મુદો માને છે તો બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારને મુદો માનવા વાળો વર્ગ ૫૦ ટકા કરતાં વધારે છે અને જો તેના આધારે મતદાન થશે તો સત્તાધારી પક્ષનું ૪૦૦ બેઠકોનું સ્વપ્ન ચકનાચુર થશે તેવું લાગી રહ્યું છે.


સંકુલ BA - B.Com. - BBA - BCA - B.Sc. - B.Ed. ગર્લ્સ
MA - M.Com. - M.Sc. - MBA - MCA - ફાર્મસી - DMLT ગર્લ્સ

★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી
★ BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com & M.Com – એકાઉન્ટ & મેનેજમેન્ટ – બન્ને મિડીયમ
★ B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad011


## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૫૦ | ૧૨૩૦ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૨૩૯ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૪૦ |
| ૪ | જીરૂ | ૩૦૦૦ | ૪૭૦૧ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૩૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૯૯ |
| ૯ | ચણા | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ૧૦ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૨૪૫ |
| ૧૧ | તુવેર | ૧૬૫૦ | ૨૦૦૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૦ | ૧૦૮૮ |
| ૧૩ | ધાણા | ૧૧૫૧ | ૧૩૮૧ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીની સિધ્ધિ વિનાયક સોસાયટીમાં

આગામી તા. ૫/૫ ના રોજ ફરી વખત નીટની પરીક્ષા આપવાની હોય અને તે નીટની પરીક્ષાની તૈયારી કરતો હતો. અગાઉ નીટની પરીક્ષામાં ઓછા માર્ક આવેલ હતા અને ફરીવાર તેમને પરીક્ષા હોય જેમાં પણ માર્ક ઓછા આવશે તે વાતનું ટેન્શન રાખી તા. ૨૨ ના રોજ સાંજે ૪/૩૦ કલાકે અમરેલીના ચિતલ રોડ સિદ્ધિ વિનાયક સોસાયટી પોતાના ઘરે રૂમમાં પોતાની મેળે છતના ભાગે આવેલ હુકમાં સુતરની દોરી બાંધી સુતરની દોરીનો બીજો છેડો પોતાના ગળામાં નાખી ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજની

પાસે આડો ઉભો રહી અવરોધ કરી કહેલ કે સોમવારે તને ઘરે જવા–દેવા જેવી નહી રહેવા દઉ તેવી ગુનાહીત ધમકી આપી હતી. ત્યાર બાદ તા. ૨૨ ના રોજ તેણી કોમર્સ કોલેજમાં પરીક્ષા હોવાથી વાંચતા હતા તે દરમ્યાન આરોપીએ અગાઉનું મનદુઃખ રાખી તેણીને કહેલ કે, તુ કલાસમાં પેપર આપવા આવજે, હું જોવ છું તું કેમ આપવા આવે છો તેવી ધમકી આપી, ગાળો આપી આરોપીએ તેણીની નજીક જઈ તેણીનું ગળુ પકડીને તથા હાથ પકડીને ધક્કો મારી પછાડી દઈ, સાહેદ તૃપ્તીબેન શ્યોરા વચ્ચે પડતા તેને પણ આરોપીએ વાળ પકડીને પછાડી દઈ બન્નેની છેડતી કરી તેણીને ડાબા હાથની કોણીએ, કમર પર છોલાણની ઈજા કર્યાની પોલીસમાં તેણીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૦ | ૧૪૮૦ |
| ૨ | ચણા | ૧૧૮૩ | ૧૨૦૦ |
| ૩ | એરંડા | ૯૨૧ | ૯૨૧ |
| ૪ | ઘઉં | ૪૧૫ | ૪૧૫ |
| ૫ | વાલ | ૧૨૦૦ | ૧૨૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૨ | કપાસ | ૧૨૮૧ | ૧૪૭૬ |
| ૩ | બાજરો | ૪૨૫ | ૪૮૭ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૫ |
| ૫ | જુવાર | ૪૪૫ | ૭૯૧ |
| ૬ | મકાઈ | ૪૬૦ | ૪૬૦ |
| ૭ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૫ |

## અમેરિકા સ્થિત રાજપરા પરિવારે ટીંબી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા એક લાખ અર્પણ કર્યા

### પરિવારના મોભીના પૂણ્યાર્થે મદદ કરાઈ



ટીંબી, તા. ૨૩

ટીંબી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલનાં શુભારંભથી વખતો વખત અનુદાન આપનાર એવા ઢસાગામનાં વતની અને અમેરીકા સ્થિત સ્વ.રવજીભાઈ વલ્લભભાઈ રાજપરાનું તાજેતરમા સ્વર્ગવાસ થતા તમના પુણ્યાર્થે રૂપિયા એક લાખ અનુદાન કિરીટભાઈ રવજીભાઈ રાજપરા (ઢસાગામ) મારફત પ્રાપ્ત થયેલ છે. તેઓનું હોસ્પિટલના પ્રણેતા સદગુરુદેવ સ્વામી નિર્દોષાનંદજી સરસ્વતીજી મહારાજનાં ‘જીવન ચરિતામૃત’ ગ્રથં અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

હોસ્પિટલ ટ્રસ્ટી મંડળે કિરીટભાઈ રાજપરા તેમનાં પરીવારજનોનો હદય પૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૪૫ | ૫૦૦ |
| ૨ | ચણા | ૧૦૧૧ | ૧૧૬૨ |
| ૩ | બાજરો | ૩૫૫ | ૩૫૫ |
| ૪ | જીરૂ | ૪૧૦૦ | ૪૧૦૦ |
| ૫ | સોયાબીન | ૮૫૪ | ૮૫૪ |
| ૬ | મેથી | ૯૧૫ | ૯૧૫ |

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલાનાં ભેરાઈ ગામનાં ઈસમને

તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર પી.બી. લક્કડે ભેરાઈ ગામે રહેતા અને ગુનાઓ આચરતા ઈસમ હમીરભાઈ શામજીભાઈ સાંખટ વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, હદપારની દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાજુલાઓ તરફ મોકલી આપેલ હતી.

આવા ગુન્હાહિત પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાજુલાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ હદપારનો હુકમ કરતાં પીપાવાવ મરીન પોલીસની ટીમ દ્વારા હમીરભાઈ શામજીભાઈ સાંખટને હદપારી હુકમની બજવણી કરી અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જીલ્લા બહાર હદપાર કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલામાં 3 મહિના પહેલા બનેલ પુલમાં

બન્યો તેને અંદાજિત ત્રણ માસ જેવો જ સમય થયો છે. ત્યારે અચાનક આ પુલમાં ગાબડું પડતા વાહન ચાલકોમાં ભયનો માહોલ જોવા મળ્યો. ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર રોડ ફાટી જવો, રોડ પર ખાડા પડવા વિગેરે બાબતો હજુ સોશ્યલ મીડિયામાં ચાલી રહી છે ત્યારે વધુ આ ફરી એક વાર આ ઘટના લોકોની સામે આવતા લોકો બોલી રહ્યા છે વિકાસ કયાં ? તેવી લોકમુખે ચર્ચાઓ થઈ રહી છે. જોકે આ પુલ પર ગામડું પડયું છે તેવું સોશ્યલ મીડિયામાં ફોટાઓ અને વિડિયો વાયરલ થતાં અને સ્થાનિક પત્રકારો દ્વારા આ સમાચારોને પ્રસિદ્ધ કરવામાં આવતા તંત્ર ગાઢ નિંદ્રામાંથી જાગ્યું.

રાજુલાથી સાવરકુંડલા જવાના રોડ પર માંડરડી ગામ નજીક આ પુલમાં ગાબડું પડયું અને તંત્ર દોડતું થયું. સ્થાનિક લોકલ ચેનલોમાં સમાચારો પ્રસિદ્ધ થતા તંત્ર દ્વારા કોન્ટ્રાકટરને જાણ કરવામાં આવતા કોન્ટ્રાકટરની ટીમ સ્થળ ઉપર આવી અને આ રોડને તાત્કાલિકપણે બંધ કરવામાં આવ્યો. હવે જોવાની વાત એ છે કે આજે આ ગાબડું પડયું છે ત્યાં તંત્ર ગાબડું પૂરશે કે પછી પુલનું સમાર કામ થશે કે પુલ તોડીને નવો બનાવવામાં આવશે તે ચર્ચાએ આ વિસ્તારમાં જોર પકડયું છે. હાલમાં રાજુલા તાલુકા આ પુલ ચર્ચાના ચકડોળે ચડયો છે. જોકે તંત્ર દ્વારા આ પુલ બંધ કરવામાં ન આવ્યો હોત તો કદાચ મોટી દુર્ઘટના પણ બની શકત ફકત બે માસમાં જ ગાબડું પડે ત્યારે સામાન્ય માણસને પણ ખ્યાલ આવે કે આ કામ કેવું છે ?

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૬ | ૧૫૧૪ |
| ૨ | તુવેર | ૧૧૦૬ | ૧૧૬૪ |
| ૩ | ઘઉં | ૪૪૬ | ૫૭૪ |
| ૪ | ચણા | ૧૧૪૯ | ૧૨૧૧ |
| ૫ | જીરૂ | ૩૮૩૩ | ૪૩૧૧ |
| ૬ | મેથી | ૯૨૦ | ૯૯૦ |

# લોકસભાનાં જનરલ નિરીક્ષક, પોલીસ નિરીક્ષક અને ખર્ચ નિરીક્ષક સાથે બેઠક યોજાઈ



૧૪ –અમરેલી લોકસભા બેઠકની ચૂંટણી અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્રના નોડલ અધિકારીઓ સાથે આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવાના હેતુથી અમરેલી લોકસભા બેઠકના નિરીક્ષકઓ સાથે અમરેલી જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજાઈ હતી. ચૂંટણી કામગીરીને લગતી સમીક્ષા બેઠકમાં ૧૪–અમરેલી લોકસભા ચૂંટણી જનરલ નિરીક્ષક એમ.કે. દ્રાબુ, પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીન, ખર્ચ નિરીક્ષક નિવાસુ કોલ્લીપકા અને જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ સ્વાગત કર્યુ હતુ. ચૂંટણી ફરજ પરના નિરીક્ષકઓએ, વિવિધ નોડલ અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ દરમિયાન અમરેલી ખાતે ચૂંટણી ફરજ પર છે તેવા જનરલ નિરીક્ષક એમ.કે. બાબુએ અમરેલી જિલ્લાની ચૂંટણી પ્રક્રિયાને સરળતા અને સુચારૂ રીતે સંપન્ન કરવા તાલીમ અગત્યનો ભાગ હોય જરૂરી તાલીમ કાર્યક્રમ યોગ્ય રીતે પૂર્ણ કરવામાં આવે તે બાબત પર તેમણે ભાર આપવા જણાવ્યુ હતું. ચૂંટણી પ્રક્રિયા સુચારૂ રીતે અનુસરવા માટે તમામ અધિકારીઓ, કર્મચારીઓને જરૂરી તાલીમ નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા તેમણે સૂચના આપી હતી. આ તકે તેમણે ઈવીએમ રેન્ડમાઈઝેશન, મતદાન મથકો, થીમ બેઈઝડ સહિતના વિશેષ મતદાન મથકો, ઈ.વી.એમ. વ્યવસ્થાપન સહિતના મુદ્દે વિગતવારે માર્ગદર્શન આપ્યું પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીને અમરેલી લોકસભા મત વિસ્તારની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. વિવિધ વિસ્તારોમાં આવેલા મતદાન મથકો અને તે મતદાન પર કરવામાં આવનાર વ્યવસ્થા, ચૂંટણીલક્ષી કામગીરી માટે હાથ ધરવામાં આવેલા પગલાઓ અને મતદાન પૂર્વેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. ભસીને ઉમેર્યુ કે, મજબૂત લોકશાહીના નિર્માણ અર્થે પ્રત્યેક મત મહત્વનો છે. મુક્ત, ન્યાથી અને પારદર્શી વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા થાય તે અગત્યનુંછે. જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ, મદદનીશ ચૂંટણી અધિકારી તેમજ નોડલ અધિકારીઓની લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ તૈયારી અને કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે મતદાન મથકોની વ્યવસ્થા, પ્રિસાઈડીંગ અધિકારી તેમજ ચૂંટણી ફરજ પરના અન્ય કર્મયોગીઓની ભોજન, રહેવાની, આવાગમન સહિતની વ્યવસ્થાઓ અંગે જરૂરી વ્યવસ્થાઓ જળવાઈ અને ચૂંટણીલક્ષી કામગીરી–પ્રક્રિયા યોગ્ય રીતે અનુસરવામાં આવે તે માટે સૂચનો કર્યા હતા. મતદારોને અગવડ ન પડે તે માટે સ્વચ્છતા જળવાઈ રહે, ગરમી અને હિટવેવની આગાહીને ધ્યાને લેતા અન્ય જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા તેમણે જણાવ્યુ હતુ. વરિષ્ઠ નાગરિકોને ઘરબેઠા મતદાન માટેની વ્યવસ્થા, ચૂંટણી ફરજ પરના કર્મચારીઓના મતદાન માટેની વ્યવસ્થાઓ અંગે વિગતો જણાવી હતી. લોકસભાની ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃત્તિ અર્થે કરવામાં આવેલી ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન પ્રવૃત્તિઓ અંગે જિલ્લા વિકાસ અધિકારી અને નોડલ અધિકારી પરિમલ પંડયાએ વિગતો જણાવી હતી. અમરેલી જિલ્લામાં મતદાન જાગૃત્તિ અર્થે કરવામાં આવેલી પ્રવૃત્તિઓ અને કામગીરીઓને નિરીક્ષકઓએ બિરદાવી હતી. અમરેલી જિલ્લામાં વર્ષ–૨૦૨૪ની લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે હાથ ધરવામાં આવેલા પગલાઓ અને પોલીસ બંદોબસ્ત માટે અધિકારી–કર્મચારીઓને સોંપવામાં આવેલી ફરજ અંગેના આયોજન વિશે જિલ્લા પોલીસ વડાશ્રી હિમકર સિંઘે વિગતો જણાવી હતી. અમરેલી લોકસભા બેઠકના નાયબ ચૂંટણી અધિકારી સકસેનાએ બેઠકની સમગ્રતયા તૈયારીઓ અને આંકડાકીય વિગતો રજૂ કરી હતી. અમરેલી લોકસભા બેઠક અંતર્ગત તૈયાર કરવામાં આવનાર આદર્શ મતદાન મથકો, યુવા મતદાન મથકો, મહિલા કર્મચારી સંચાલિત મતદાન મથકો, પી.ડબલ્યુ.ડી. સહિતના ચૂંટણી પંચના નિર્દેશ મુજબ તૈયાર થનાર થીમ બેઈઝડ મતદાન મથકો, યુવા મતદાન મથક, વિશિષ્ટ ભેગોલિક સ્થિતિ ધરાવતા મતદાન મથક અંગે નિરીક્ષકઓને વિગતો આપી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી ફરજ પરના વિવિધ નોડલ અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, વિવિધ સમિતિઓના સબ નોડલ અધિકારીઓ કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાનાં હાથસણી ગામે હનુમાન જયંતી મહોત્સવમાં જેની ઠુંમરની ઉપસ્થિતિ



આજે ભગવાન શ્રી રામનાં પરમભકત હનુમાનજી મહારાજનાં જન્મોત્સવની સાવરકુંડલાનાં હાથસણી ગામે આસ્થા અને ઉત્સાહ ભેર ઉજવણી થઈ હતી. જેમાં અમરેલી લોકસભા બેઠકનાં કોંગી ઉમેદવાર જેની ઠુંમર અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત પણ ઉપસ્થિત રહી હનુમાનજી મહારાજનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### ઉના-મહુવા નેશનલ હાઈવે ઉપર આવેલ

## મજાદર ગામ નજીક અકસ્માતમાં ઘાયલ થયેલ દર્દીનો ૧૦૮ ટીમે સામાન પરત કર્યો

### ૧૦૮ની ટીમની સેવા જનતા માટે આશીર્વાદ રૂપ બની



ઉના, તા. ૨૩

રાજય સરકારની ૧૦૮ નીસેવા સંખ્યાબંધ લોકોને ત્વરિત તબીબી સેવા પૂરી પાડી નવજીવન આપતી હોવાથી વિશ્વાસઅનેચોક્કસાઈનો પયાર્યબનીગઈ છે. જાહેર માર્ગો પર અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સારવાર આપતા સમયે તેમની સાથે કોઈ સગા સંબંધી હાજર નહીં હોય તે પરિસ્થિતિમાં તેમની પાસે રહેલ કિંમતી મુદામાલ સાચવીને રાખી લેવામાં આવે છે. જે દર્દીના પરિવારજનોને રૂબરૂ બોલાવી ૧૦૮ કર્મચારીઓ દ્વારા સગા-સંબંધી ને પરત કરાય છે. ૧૦૮ની ટીમ દ્વારા સારવારનીસાથો-સાથ ફરજનિષ્ઠ કર્મીઓ દ્વારા તેમની સાથેના કિંમતી વસ્તુઓ સોંપવાનો એક પ્રેરણાત્મક કિસ્સા વિશે વિગતો આપતા ૧૦૮ ટીમના અમરેલી જિલ્લાના અધિકારીએ જણાવ્યું હતું કે, મહુવા-ઉના હાઈવે પર આવેલા મજાદર ગામના પાટિયા પાસે એક ટુ વ્હીલર અને પીકઅપ વાન સાથે અકસ્માત થયો હતો. અકસ્માતમા ઘવાયેલ બાઈક ચાલક ને સારવાર માટે ૧૦૮ માં જાણ કરાઈ હતી. ૧૦૮ મા જાણ થતાંજ અમરેલી જિલ્લાની વિક્ટર ચોકડી ૧૦૮ ની ટીમ ના ઈ.એમ.ટી. સફી મહમ્મદ અને પાયલોટ ચંદ્રેશભાઈ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળ પર પહોંચી ઘાયલ દર્દીને સારવાર પૂરી પાડી હતી. આ તકે તેઓને ૧૦૮ એમ્યુલન્સ મારફત સારવાર આપી મહુવા હનુમંત હોસ્પિટલમા ખસેડ્યા હતા. ઈ.એમ.ટી સફીમહમ્મદ અને પાયલોટ ચંદ્રેશભાઈદ્વારા દર્દીના પરિવારજનોને જાણ કરી મહુવા હનુમંત હોસ્પિટલ ખાતે રૂ. ૧૦,૦૦૦/- રોકડા તેમજ મોબાઈલ ફોન, પાનકાર્ડ, એટીએમ કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ જેવા અગત્યના વગેરે દસ્તાવેજો હોસ્પિટલમાં તેમના સગા નાના ભાઈ ને સુપરત કરવામાં આવી, આ તકે ઘાયલ ના પરિવારજનોએ ૧૦૮ની ટીમની સરાહનીય કામગીરીથી પ્રભાવિત થઈ આભાર માન્યો હતો. તેમજ આવી ઉત્કૃષ્ટ અને પ્રામાણિક કામગિરી કરવા બદલ ૧૦૮ ના પ્રોગ્રામ મેનેજર અને અમરેલી જીલ્લાના ૧૦૮ ના અધિકારી દ્વારા તેમને બિરદાવવામાં આવ્યા હતાં.

### સમસ્ત બ્રહ્મસમાજની બેઠકમાં નિર્ણય થયો

## અમરેલી ખાતે આગામી ૧૦ મે નાં રોજ ભગવાન શ્રી પરશુરામ જયંતીની આસ્થાભેર ઉજવણી થશે

### મહાઆરતી, શોભાયાત્રા, છપ્પનભોગ દર્શન યોજાશે



અમરેલી, તા.૨૩

આગામી તા. ૧૦/૫/૨૪ શુક્રવારના રોજ હિન્દુ સનાતન ધર્મ પરંપરામાં છઠા અવતાર એવા ભગવાન પરશુરામજીના અવતરણના દિવસ છે. તેથી આ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવા અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજની બેઠક જિલ્લા પ્રમુખ મુકુંદભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને ગત તા. ૨૦/૦૪/૨૦૨૪ ના શનિવારે રાત્રે ૯ કલાકે શ્રી પરશુરામ ધામ મંદિર અમરેલી ખાતે મળેલ હતી આ બેઠકમાં જિલ્લા / શહેર સમસ્ત બ્રહ્મ સમાજના વરિષ્ઠ પાંખ, યુવા પાંખ અને મહિલા પાંખના પદાધિકારીઓ, બ્રહ્મ અગ્રણીઓ, કાર્યકર ભાઈ - બહેનો અને સ્વયંસેવકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં એક અવાજે અવતરણ દિવસ ઉત્સવ ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવા શહેરમાં શુંશોભિત કરવા, બેનરો લગાવવા, શોભા યાત્રા ભવ્ય રીતે કાઢવા તથા સમગ્ર હિન્દુ સમાજના દરેક સંગઠનો, તમામ સમાજને આ ઉત્સવમાં જોડાવવા નિમંત્રણ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે અને સમસ્ત બ્રહ્મ સમાજની યુવા પાંખ, મહિલા પાંખ, શહેર ના પદાધિકારીઓને તથા સ્વયં સેવકોને, કાર્યકરોને આ માટે વિશેષ જવાબદારીઓ સોપાવામાં આવી હતી તા. ૧૦/૦૫/૨૦૨૪ને શુક્રવારે બપોરે ૪/૩૦ કલાકે શ્રી નાગનાથ મહાદેવ મંદિરે થી ઉત્સવની શોભાયાત્રા પ્રસ્થાન કરી. શ્રી મહાત્મા મૂળદાસ ચોક, ડો.જીવરાજ મહેતા ચોક, સ્ટેશન ચોક,

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, એસ ટી બસ સ્ટેશન થઈ પરશુરામ ધામ મંદિર ખાતે વિરામ લેશે તથાભગવાન શ્રી પરશુરામજીની મહા આરતી તથા છપનભોગ દર્શન સાંજે ૭:૩૦ કલાકે થશે અને ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવશે આ બેઠકમાં અમરેલી શહેરમાં વસતા ભૂદેવ પરિવારોને હાકલ કરવામાં આવેલ છે કે આપણા ઈષ્ટ અને આરાધ્ય ભગવાન શ્રી પરશુરામજીના ઉત્સવની ઉજવણી મા દરેક પરિવાર અબાલ વૃદ્ધ સૌ ઉત્સાહ પૂર્વક સામેલ થાય અને સનાતન હિન્દુ ધર્મના દરેક ધર્મનુરાગી શ્રીઓ સર્વે આ ઉત્સવમાં જોડાય તેવી આગ્રહ ભરી અપીલ કરવામાં આવી છે તેમ જિલ્લા બ્રહ્મ સમાજ ના મહા મંત્રી ભગીરથ ત્રિવેદી ની યાદી જણાવે છે .પ્રમુખ, જિલ્લા બ્રહ્મ સમાજ

### ડો. જી.જે. ગજેરા સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં

## અમરેલી ખાતે એ.એચ.પી. અને બજરંગ દળની રાષ્ટ્રીય છાત્ર પરિષદની બેઠક મળી

### આગામી કાર્યક્રમ અંગેનું આયોજન કરાયું



અમરેલી, તા.૨૩

અમરેલીખાતેઆંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને બજરંગ દળ ની રાષ્ટ્રીય છાત્ર પરિષદની મિટિંગ મળેલ હતી, જેમાં આગામી દિવસો માં હિન્દુ સમાજ સંગઠિત કરી હનુમાન ચાલીસાના પાઠ કરવા,આવતા દિવસો મા રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા સૌરાષ્ટ્ર પ્રાંતવીર હિન્દુ વિજયતા હિન્દુ પરીક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવશે, યુવાનોને રાયફલ શૂટિંગ, યોગાસન, પ્રાણાયામ,ધ્યાન તીરંદાજી, બૌધ્ધિક જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે, યુવાનોને આત્મીયતા કેળવી શકાય તેવા હિન્દુ ધર્મ વિશે માર્ગદર્શન આપવામાં આવશે, તેમજ અમરેલી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળનું સંગઠન મજબૂત થાય એવા પ્રયાસો કરવામાં આવશે, આ મિટિંગમાં માર્ગદર્શનમાં રણછોડભાઈ ભરવાડ રાષ્ટ્રીય મંત્રી આ હિન્દુ પરિષદ ગુજરાત રાજય પ્રમુખ દ્વારા આપવામાં આવેલ, ડો. ગજેરા સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ નિર્મળભાઈ ખુમાણ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી આ હિન્દુ પરિષદ પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી રાષ્ટ્રીય છાત્ર પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી મજબુતભાઈ બસિયા, ભાવનગરમાં અધ્યક્ષ ડો.કિરીટભાઈ દેશાણી, સૌરાષ્ટ્ર પ્રાંત એડવોકેટ ફોરમ પ્રમુખ દડુભાઈ ખાચર, વિભાગ મહામંત્રી દિલીપભાઈ બામતા તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત મીડિયા સેલ કન્વીનર તેમજ અમરેલી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી જિલ્લા મંત્રી જીલુભાઈ વાળા તેમજ ઈન્ડિયા હેલ્થ લાઈન જિલ્લા અધ્યક્ષ ડોકટર ગોંડલીયા તેમજ જિલ્લા માર્ગદર્શક મનુભાઈ તળાવીયા જિલ્લા ઉપાધ્યક્ષ એમ એમ પટેલ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા મંત્રી વિપુલભાઈ ગજેરા શહેર અધ્યક્ષ જીગ્નેશ ભાઈ કયાડા શહેર મંત્રી ઉદયભાઈ રાજપુત છાત્ર પરિષદ જિલ્લા અધ્યક્ષ જીતભાઈ કાબરીયા સંજયભાઈ પોપટ મહેશભાઈ ચોટલીયા બાલમુકુંદ વાઢેર ગોપાલભાઈ વાઢેર તેમજ ઘણા બધા કાર્યકરો હા બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા તેમ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જિલ્લા અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે.

### રોકડ પરિવારના સહયોગથી મંદિરનું નિર્માણ

## અમરેલીનાં કેરિયા રોડ ઉપર આવેલ રોકડવાડીમાં શિવમંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

### પૂ. શેરનાથબાપુ પણ જુનાગઢથી ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૨૩

અમરેલીનાં કેરિયા માર્ગ ઉપર આવેલ રોકડવાડીમાં હનુમાન જયંતીના પવિત્ર દિને રોકડ પરિવારનાં સહયોગથી નિર્માણ પામેલ શિવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.આ તકે જુનાગઢ થી પૂ. શેરનાથબાપુ પણ ઉપસ્થિત રહયા હતા. સ્થાનિકોમાં શિવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને આસ્થા અને ઉત્સાહનો માહોલ ઉભો થયો હતો.



## બગસરામાં હનુમાન જયંતી નિમિતે મુંજીયાસર ડેમ પર માનવ મહેરામણ ઉમટી પડયું

બગસરા, તા. ૨૩

બગસરા પાસે આવેલ મુંજીયાસર ડેમ દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાન જયંતિ નિમિત્તે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું જેમાં બગસરા વાસીઓ દ્વારા પોતાના ધંધા રોજગાર બંધ કરી બપોર બાદ પાંચ વાગ્યે થી લોકો મહિલાઓ બાળકો મુંજીયાસર ડેમ પર આવેલ મેદાનમાં સહ પરિવાર સાથે ઘરેથી લઈ આવેલ નાસ્તો તથા ઠંડક કરવા માટે ગોળા, ગુલ્ફી, આઈસ્ક્રીમ, પાણીપુરી સહ પરિવાર સાથે તેનો આનંદ લઈ આ મેળાની મજા માણે છે.



# લાઠી અને દામનગર શહેર ખાતે મોદી પરિવાર સભા ભરત સુતરીયાનાં સમર્થનમાં યોજાઇ



લાઠી તાલુકાના દામનગર તેમજ લાઠી શહેર ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની આગેવાનીમાં મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી દામનગર શહેરમાં પટેલ સમાજવાડી ખાતે તેમજ લાઠી શહેરમાં વળીયા કોમ્પલેક્ષ ખાતે શહેરી વિસ્તાર માટે મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી જેમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ ભાજપના શરદભાઈ પંડ્યા તેમજ અન્ય મહાનુભાવો દ્વારા સભાને સંબોધન કરવામાં આવેલ હતુ.આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, જિલ્લા પંચાયતના સદસ્યો, સહકારી અગ્રણીઓ, તાલુકા પંચાયતના હોદ્દેદારો, શક્તિ કેન્દ્રના હોદ્દેદારો, મહિલા અગ્રણીઓ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. લાઠી તાલુકાના અલગ અલગ વિસ્તારના શક્તિ કેન્દ્રમાં આ મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી ત્યારબાદ હાલ તાજેતરમાં લાઠી દામનગર શહેર ખાતે મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી. આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા , વિધાનસભાના સંયોજક જીતુભાઈ ડેર, વિધાનસભાના વિસ્તારક શ્રી વૈભવભાઈ નાયક, જીલ્લા ભાજપ ના હોદેદારો, શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, તાલુકા ભાજપ સંગઠન ના પ્રમુખ, મહામંત્રી, ઉપપ્રમુખ સહિત તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકા પ્રમુખ ઉપપ્રમુખ, તમામ ચેરમેનશ્રીઓ સહિત ના તમામ હોદેદારો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, મહિલા મોરચાના હોદેદારો, તમામ મોરચા સેલના હોદેદારો, ગ્રામ પંચાયત ના સરપંચઓ, તેમજ સદસ્યો તેમજ બહોળી સંખ્યામાં નગરજનો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# હિન્દુત્વ અને રામ મંદિરને ૧૦ ટકા મતદારો મુદ્દો સમજી રહ્યા હોય

# બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારનો મુદ્દો હાવી બને તો સત્તાપક્ષ મુશ્કેલીમાં

**દેશમાં કરોડો યુવાનો બેરોજગાર બન્યા હોય પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું**

**છેલ્લા ૧૦ વર્ષમાં જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓનાં ભાવમાં ૨૦૦થી ૩૦૦ ટકાનો વધારો થયો**

**ભ્રષ્ટાચાર કયાં ક્ષેત્રમાં વધ્યો નથી તેની તપાસ કરવી પડે તેવી ગંભીર સ્થિતિ**

**જ્ઞાતિ અને જાતિનાં આધારે મતદારોને ભટકાવવા માટેનો પ્રયાસ થતો જોવા મળી રહ્યો છે**

અમરેલી, તા. ૨૩

તાજેતરમાં દેશની વિશ્વસનીયસંસ્થાસીએસડીએસધ્વારા દેશનાં ૧૦૦ લોકસભા વિસ્તારનાં મતદારોનો સર્વે હાથ ધરાયો જેમાં મતદારોને કયો મુદો લોકસભાની ચૂંટણીમાં મહત્વનો છે તેવો પ્રશ્ન પુછવામાં આવેલ. જેમાં દેશનાં મતદારોએ સૌથી મહત્વનો મુદો બેરોજગારીઅનેમોંઘવારીનેમાન્યોછે.

દેશમાં આજે બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારે હાહાકાર મચાવ્યો છે. દેશનાં કરોડો ડીગ્રી ધારક યુવાનો સરકારી કે ખાનગી કંપનીમાં નોકરીમેળવવા ભારે સંઘર્ષ કરીરહ્યાછે અને એક જગ્યા ભરવાની હોય તો એક હજાર યુવાનો અરજી કરતાં જોવા મળી રહ્યાછેઅનેસ્પર્ધાત્મકપરીક્ષાનાંપેપરો દિવાળીમાંફટાકડાફૂટેતેમફૂટીરહ્યાહોય કરોડો યુવાનો સરકારની બેદરકારીથી સમસમીને બેઠા છે. તો લાખો યુવાનો "અગ્નિવીર" જેવી યોજનાથી પણ નારાજ બન્યા છે.

તદુઉપરાંત દેશની કરોડો ગૃહિણીઓનેગેસસીલીન્ડર, શાકભાજી, દવાઓ, અનાજ, દૂધ, કઠોળનાંભાવોથી પરેશાની વધી છે. જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓનાંભાવમાં૨૦૦થી ૩૦૦ ટકાનો ભાવ વધારો થયો છે.

તદુઉપરાંત સરકારી કચેરીઓમાં રોજબરોજનાં કાર્યો માટે લાંચની રકમમાં વધારો થયો છે અને સરકારી બાંધકામોમાં પણ બેફામપણે ભ્રષ્ટાચાર થતો હોવાની ફરિયાદો અવારનવાર સામે આવી રહી છે.

શિક્ષણ, આરોગ્ય, વીજળી, પરિવહનનાં ભાવોમાં પણ તોતિંગ વધારો થયો છે. આજે ૪ થી ૫ વ્યકિતનાંપરિવારનોખર્ચદરમહિને૨૦

અનુસંધાન પાના ૬ ઉપર

**મેહુલભાઈ હેલૈયા સવારે પશુ ચરાવવા નીકળ્યા હતા**

## સાવરકુંડલાનાં જાબાળ–આંબરડી માર્ગ ઉપર ઈકો ચાલકે હડફેટે લેતા પશુપાલકનું મોત

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી ઈકો ચાલકની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામે રહેતા ઘનશ્યામભાઈ મેહુલભાઈ હેલૈયાનાપિતાજીમેહુલભાઈ તા. ૨૨નાસવારે ૧૦વાગ્યાઆસપાસ પોતાનાઘરેથીઢોરલઈનેચરાવવાનીકળેલ. ત્યારે જાબાળ ગામથી આંબરડી ગામ તરફ જતા રોડ પર ગાયો તથા ભેંસોની પાછળ ચાલતા હતા તે વખતે સાવરકુંડલા તરફથી એક સફેદ કલરની ફોર વ્હીલ ઈકો ગાડી નં. જીજે–૦૧ કેએમ ૨૭૭૫ ના ચાલકે પોતાની ફોર વ્હીલ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી ચલાવી મેહુલભાઈ હેલૈયા સાથે અકસ્માત કરી રોડ પર પાડી દેતા માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાઈ છે.

**કલાસરૂમમાં અવાજ કરવા બાબતે માથાકૂટ**

## અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની છેડતી કરનાર યુવક વિરૂધ્ધ ફરિયાદ

**પોલીસે આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં આવેલ કે.કે.પારેખ કોમર્સ કોલેજના રૂમમાં અમરેલી તાલુકાના માળીલા ગામે રહેતા મહાવિર વાળા નામનાં આરોપી ગત તા. ૨૦ના રોજ કલાસરૂમમાં અવાજ કરતો હોય. જેથી અમરેલીમાં રહેતી તનીશાબેન કેતનભાઈ ગોંડલીયાએ સામુ જોતા આરોપીએ તેણીને તેની નજર નીચી રાખવાનું કહેલ. બાદમાં તે અંગે કોલેજમાં બીજી છોકરીઓ આરોપી બાબતે વાત કરતી હતી. જે અંગે આરોપીને જાણ થઈ જતા આરોપીને સારૂ નહી લાગતા આરોપીએ તેણીને કોલેજની લાયબ્રેરી

અનુસંધાન પાના ૬ ઉપર

**જનઆરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા થતાં હતાં**

## લીલીયાનાં ભોરીંગડા ગામે વગર ડીગ્રીએ તબીબી પ્રેકટીશ કરનાર શખ્સની અટકાયત

**આરોગ્ય અધિકારીએ ઝડપી લઈ કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૨૩

લીલીયા તાલુકાના ભોરીંગડા ગામે રહેતા અશોકભાઈ રવજીભાઈ બારૈયા નામનાં ૪૦ વર્ષિય યુવક પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી ના હોય ડોકટરનીરજી. મેડીકલપ્રેકટીશ્નરનેલગતી ડિગ્રી ન હોવા છતાં વગર ડિગ્રીએ કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ–૨૮ કિંમત રૂા. ૪૦૯૭.૯૮ ના મુદ્દામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરી, પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતા હોય. આ અંગે મેડીકલ ઓફીસર પીએચસી ક્રાંકચના ડો. જયભાઈ ધીરજલાલ વાઘેલાએ તેમને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

**સાવરકુંડલા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટનાં આદેશથી**

## લીલીયાનાં ગુંદરણ ગામનાં ઈસમને અમરેલી અને ભાવનગર જિલ્લામાંથી હદપાર કરાયા

**૬ મહિનાની મુદત માટે હદપાર કરાયા**

લીલીયા, તા. ૨૩

લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.આર. ગોહીલના સીધા માર્ગદર્શન હેઠળ લીલીયા પોલીસ ટીમ દ્વારા લીલીયા તાલુકાના ગુંદરણ ગામે અવાર–નવાર ગેરકાયદેસર પ્રોહી પ્રવૃત્તિ આચરતા અને અગાઉના ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા લાલજીભાઈ ઉર્ફે લાલો છનાભાઈ પરમાર નામનાં ઈસમને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરાવવાની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ જે અન્વયે ડી.એચ. ભાલારા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલાએ લાલજીભાઈ ઉર્ફે લાલો છનાભાઈ પરમાર, રહે. ગુંદરણ, તા. લીલીયાવાળા ઈસમને અમરેલી/ ભાવનગર જિલ્લા માંથી છ



માસની મુદત માટે હદપાર કરવા હુકમ કરતા મજકુર ઈસમને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરવામાં આવેલ છે.

**વાછરડી કૂવામાં ૨૪ કલાક કરતાં વધારે સમય ટકી રહી**

## અમરેલીનાં બહુમાળી ભવન નજીક આવેલ કૂવામાં વાછરડી પડી જતાં ફાયર ટીમે હેમખેમ બહાર કાઢી

**રખડતી ગૌમાતાની સમસ્યા દૂર કરવામાં શાસકો સદંતર નિષ્ફળ**



અમરેલી, તા. ૨૩

અમરેલી શહેરમાં રખડતી ગૌ–માતાની સમસ્યા છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહી છે. સત્તાધારી પક્ષો ગૌ–માતાની સુરક્ષાનાં નામે મત મેળવી લીધા બાદ ગૌ–માતાને ભૂલી જવામાં આવી છે. હિન્દુ સમાજ માટે દેવી સમાન ગણાતી ગૌ–માતા અને તેના વાછરડા કે વાછરડીની પણ કોઈ સલામતી નથી, ગંદકી ફંફોળીને પેટ ભરતી, તડકો, વરસાદ અને ઠંડીનો સામનો કરતી અને અવારનવાર અકસ્માતનો ભોગ બનતી ગૌ–માતાને સલામત સ્થળે ખસેડવામાં શાસકો સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. દુનિયાની સમસ્યા દૂર કરવાની ગુલબાંગો ફેંકતા સત્તાધારી પક્ષનાં આગેવાનો ગૌ–માતાની સમસ્યા દૂર કરવામાં ગેંગે ફેંફે થઈ રહ્યા છે.

દરમિયાનમાં અમરેલીનાં બહુમાળી ભવનની સામે આવેલ ખુલ્લા કૂવામાં પડી જવાથી એક વાછરડીની જીંદગી જોખમમાં મુકાઈ હતી. એકદિવસ સુધી વાછરડી કૂવામાં ઝઝુમતી રહ્યા બાદ કોઈ વ્યકિતની નજર તેમના પર પડતાં ફાયર વિભાગને જાણ કરવામાં આવતાં ફાયર ટીમે વાછરડીને સલામત રીતે કૂવામાંથી બહાર કાઢીને વાછરડીને બચાવીને સુંદર કાર્ય કર્યુ હતું.

**લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને કાર્યવાહી**

## રાજુલાનાં ભેરાઈ ગામનાં ઈસમને 3 જિલ્લામાંથી હદપાર કરી દેવાયા

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટનાં આદેશના આધારે કાર્યવાહી**

અમરેલી, તા. ૨૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય દ્વારા આગામી લોકસભા સામાન્ય ચુંટણી અનુસંધાને અમરેલી જિલ્લામાં જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા–તડીપાર જેવા સખ્ત પગલા લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને અને લોકસભા સામાન્ય ચુંટણી દરમ્યાન

અનુસંધાન પાના ૬ ઉપર














*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)